અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ મે ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૩

વર્ષ : ૧૫
અંક : ૨૭૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૧૦ વર્ષમાં રેકોર્ડ બ્રેક સૌથી વધુ પરિણામ આવ્યું । જ્યારે બોડેલી કેન્દ્રનું સૌથી ઓછું પરિણામ જોવા મળ્યું

## ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૪૫% અને સામાન્ય પ્રવાહનું ૯૧% પરિણામ જાહેર

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

ગુજરાત બોર્ડ નું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની સાથે સાથે ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા કહેવામાં આવ્યુ છે કે, આ વખતે સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ઘણું સારું આવ્યુ છે. ૧૦ વર્ષ પછી પહેલી વખત સામાન્ય પ્રવાહનું પરિણામ આ વખતે વેહલુ આવ્યું અને ખૂબજ સારુ આવ્યું છે. **GSHSEB**, ચેરમેન, બંછાનિધિ પાનીએ પરિણામ અંગે મહત્ત્વની વાત સામે મુકી હતી. જેમા તેમણે જણાવ્યુ છે કે, ૧૦ વર્ષ પછી સામાન્ય પ્રવાહનું પરિણામ આ વખતે વેહલું આવ્યુ છે. પરીક્ષા લેવાની પદ્ધતિમાં ઘરખમ સુધારો કરવા છત્તા વિધ્યાર્થી ખૂબ જ સારુ પરિણામ લાવ્યા છે.પરિણામ અંગે વધુમાં તેમણે ઉમેર્યું હતું કે વિજ્ઞાન પ્રવાહમાં ૮૨.૪૫ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં ૯૧.૯૧% ઉતીર્ણ થયા છે. વિજ્ઞાન પ્રવાહમાં રીપીટરમાં ૩૨ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.

વિજ્ઞાન પ્રવાહમાં બનાસકાંઠાના કુંભારીયા કેન્દ્રનું સૌથી વધુ પરિણામ ૯૭.૨ ટકા આવ્યુ છે. જ્યારે બોડેલી કેન્દ્રનું સૌથી ઓછું પરિણામ આવ્યુ છે.

જ્યારે સાયન્સ પ્રવાહમાં મોરબી જિલ્લાનું સૌથી ઊંચું ૯૨.૮૦ ટકા જ્યારે છોટા ઉદેપુર જિલ્લાનું સૌથી ઓછું ૫૧.૩૬ ટકા પરિણામ જાહેર થયું છે.વિજ્ઞાન પ્રવાહમાં



૨૦૨૩ની તુલનાએ ૧૬.૮૭ ટકા વધુ પરિણામ આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં **A1** ગ્રેડ સાથે ૧૦૩૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

સામાન્ય પ્રવાહનું આ વર્ષે ૯૧.૯૩ ટકા પરિણામ આવ્યુ છે. ગાંધીનગરના છાલા કેન્દ્રમાં સૌથી ઉંચુ ૯૯.૬૧ ટકા પરિણામ લાવવાળું કેન્દ્ર બન્યું છે. સૌથી વધારે પરિણામ ધરાવતા કેન્દ્રની વાત કરીએ તો બોટાદ જિલ્લો મોખરે છે. જ્યારે જુનાગઢમાં સૌથી નીચું પરિણામ આવ્યુ છે. જ્યારે ખાવડા કેન્દ્રનું સૌથી ઓછું ૫૧.૧૧ ટકા પરિણામ જાહેર થયું છે. બોર્ડના વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર-૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર, અને એસ.આર. શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણ ચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃ ઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર હવે પછીથી પ્રસિદ્ધ કરવામાં આવશે તથા ગુણપત્રક અને પ્રમાણપત્ર સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ૪,૭૭,૩૯૨ વિદ્યાર્થીઓએ **HSC-2024** બોર્ડની પરીક્ષા આપી હતી અને ૭,૩૪,૮૯૮ વિદ્યાર્થીઓએ **SSC-2024**ની પરીક્ષા આપી હતી. ગત વર્ષે વિદ્યાર્થિનીઓની પાસ ટકાવારી ૮૦.૩૯ ટકા નોંધાઈ હતી, જ્યારે વિદ્યાર્થીઓની ૬૭.૦૩ ટકાવારી નોંધાઈ હતી.

ચેરમેન બંછાનીધીપાણીએ વધુમાં એમ પણ જણાવ્યુ છે કે, આ વર્ષે એ સારી બાબત છે કે, વિદ્યાર્થિનીઓના પરિણામની સરખામણી માં વિદ્યાર્થીઓના માર્કસ વધુ સારા આવ્યા છે. અને પાછલા વર્ષોનો વિદ્યાર્થિનીઓનો વધુ સારા પરિણામ લાવવાનો રેકોર્ડ આ વર્ષે વિદ્યાર્થિઓ તોડ્યો છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, વિજ્ઞાન પ્રવાહમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦૧૬ પછી પહેલી વખત ૮૨ ટકાથી વધારે પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે.

### સુપ્રીમ કોર્ટના પૂર્વ જજોએ કરી માંગ

## પીએમ મોદી-રાહુલ ગાંધીને જાહેરમાં ચર્ચા કરવા આમંત્રણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દેશની જાણીતી હસ્તીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ખુલ્લી ચર્ચા માટે આમંત્રણ આપ્યું. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ મદન બી લોકુર, દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ અજીત પી શાહ અને ધ હિન્દુના પૂર્વ એડિટર ઈન ચીફ એન રામ દ્વારા બંને નેતાઓને ખુલ્લી ચર્ચા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે અમે માનીએ છીએ કે અમારા રાજકીય નેતાઓને સાર્વજનિક ચર્ચા દ્વારા સીધા સાંભળવાથી નાગરિકોને ઘણો ફાયદો થશે. અમે માનીએ છીએ કે આ અમારી લોકશાહી પ્રક્રિયાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવવામાં મદદ કરશે. પૂર્વ ન્યાયાધીશ મદન બી લોકુર, પૂર્વ ન્યાયાધીશ એપી શાહ અને વરિષ્ઠ પત્રકાર એન રામ વતી બંને નેતાઓને લખેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે તમે વિવિધ ક્ષમતાઓમાં દેશ પ્રત્યેની તમારી ફરજ બજાવી છે. અમે તમારી પાસે એક પ્રસ્તાવ લઈને આવી રહ્યા છીએ જે અમે માનીએ છીએ કે પક્ષપાતી નથી અને દરેક નાગરિકના હિતમાં છે. ૧૮મી લોકસભાની સામાન્ય ચૂંટણી તેના મધ્યબિંદુ પર પહોંચી ગઈ છે. રેલીઓ અને જાહેર સંબોધનો દરમિયાન, શાસક પક્ષ ભાજપ અને મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસના સભ્યોએ આપણા બંધારણીય લોકશાહીના મૂળ સાથે સંબંધિત મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછ્યા છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાને કોંગ્રેસને અનામત, કલમ ૩૭૦ અને સંપત્તિના પુનઃવિતરણ પર જાહેરમાં પડકાર ફેંક્યો છે.

### અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને પહેલીવાર જાહેરમાં ઈઝરાયલને ચેતવણી આપી

## રફાહ પર હુમલો કરશે તો અમેરિકા ઇઝરાયેલને શસ્ત્રો નહીં આપે : બિડેન

### જા બિડેને કહ્યું કે જો ઇઝરાયેલની સેના દક્ષિણ ગાઝાના શરણાર્થીઓથી ભરેલા શહેર રફાહ પર મોટો હુમલો કરશે તો અમેરિકા શસ્ત્રોનો સપ્લાય બંધ કરી દેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને પહેલીવાર જાહેરમાં ઈઝરાયલને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે જો ઈઝરાયેલની સેના દક્ષિણ ગાઝાના રફાહ શહેર પર મોટો હુમલો કરશે તો અમેરિકા તેમને હથિયારોની સપ્લાય બંધ કરી દેશે. બિડેને એક ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, “મેં સ્પષ્ટ કરી દીધું છે કે જો તેઓ રફાહ જશે તો હું એવા હથિયારોની સપ્લાય નહીં કરીશ જેનો ઐતિહાસિક રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે.બિડેને સ્વીકાર્યું કે અમેરિકી શસ્ત્રોનો ઉપયોગ ઈઝરાયેલ દ્વારા ગાઝામાં નાગરિકોને મારવા માટે કરવામાં આવ્યો છે, જ્યાં ઈઝરાયેલે હમાસને ખતમ કરવાના હેતુથી સાત મહિના જૂના આક્રમણ શરૂ કર્યું છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલના અભિયાનમાં અત્યાર સુધીમાં ૩૪,૭૮૯ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે, જેમાં મોટાભાગે નાગરિકો હતા. ઈઝરાયેલને મોકલવામાં આવેલા ૨,૦૦૦ પાઉન્ડના બોમ્બ અંગે જો બિડેને કહ્યું કે તે બોમ્બ સિવાય ગાઝામાં નાગરિકોને મારવા માટે અન્ય પદ્ધતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. ઈઝરાયેલે આ અઠવાડિયે રફાહ પર હુમલો કર્યો, જ્યાં ૧૦ લાખથી વધુ પેલેસ્ટિનિયનોએ આશરો લીધો છે, પરંતુ બિડેને કહ્યું કે તેઓ ઈઝરાયેલના હુમલાને સંપૂર્ણ પાયે હુમલો માનતા નથી કારણ કે તેઓએ “વસ્તી કેન્દ્રો” પર હુમલો કર્યો નથી.એજન્સીના જણાવ્યા અનુસાર, એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ નામ જાહેર ન કરવાની શરતે કહ્યું કે વોશિંગ્ટને



રફાહમાં ઉપયોગમાં લેવાતા હથિયારોની ડિલિવરીની કાળજીપૂર્વક સમીક્ષા કરી હતી અને ત્યારબાદ ૧,૮૦૦ ૨,૦૦૦ પાઉન્ડ (૯૦૭-કિલો) બોમ્બ અને ૧,૭૦૦ ૫૦૦-પાઉન્ડ બોમ્બનો ઓર્ડર આપ્યો હતો. શિપમેન્ટ બંધ કરવામાં આવ્યું હતું.૭ ઓક્ટોબરના રોજ હમાસના ઈઝરાયેલ પર હુમલા બાદ ગાઝામાં ઈઝરાયેલનું અભિયાન શરૂ થયું હતું. ઈઝરાયેલના આંકડાઓ અનુસાર, હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલામાં લગભગ ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૨૫૦ અન્ય લોકોનું અપહરણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૩૩ ગાઝામાં કેદમાં રાખવામાં આવ્યા હતા.જો બિડેને કહ્યું કે અમેરિકા ઈઝરાયેલને તેની આયર્ન ડોમ એર ડિફેન્સ સિસ્ટમ સહિત રક્ષણાત્મક શસ્ત્રો આપવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે અમે એ નિર્ધારિત કરવાનું ચાલુ રાખીશું કે ઈઝરાયેલ આયર્ન ડોમના સંદર્ભમાં સુરક્ષિત છે અને મધ્ય પૂર્વના તાજેતરના હુમલાઓનો જવાબ આપવાની તેની ક્ષમતા છે. પરંતુ અમે શસ્ત્રો અને આર્ટિલરી શેલ સપ્લાય કરવાના નથી.

## સેપ્ટિક ટેન્ક સાફ કરતા ફેલાયેલા ઝેરી ગેસને કારણે ચારના મોત

। (એજન્સી) ચંદૌલી, તા.૯ ।

ઉત્તર પ્રદેશના ચંદૌલીથી એક દુઃખદ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. જિલ્લાના મુગલસરાઈ વિસ્તારમાં સેપ્ટિક ટાંકીની સફાઈ દરમિયાન ૪ લોકોના મોતના સમાચાર છે. સેપ્ટિક ટેક્નીની અંદરથી નીકળતા ઝેરી ગેસને કારણે આ મોત થયા છે. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ કામદારો જે સેપ્ટિક ટાંકીને સાફ કરવા ગયા હતા તે લગભગ ૧૫ વર્ષ જૂની હતી. અકસ્માતમાં એક સાથે ૪ લોકોના મોતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે. પોલીસે જણાવ્યા મુજબ મુગલસરાય વિસ્તારના કાલીમહાલ વિસ્તારમાં બુધવારે રાત્રે ભરતલાલ જયસ્વાલ નામનો વ્યક્તિ પોતાના ઘરની સેપ્ટિક ટાંકી સાફ કરાવી રહ્યો હતો. જો કે, તે જ સમયે ટાંકીમાંથી ઝેરી ગેસ નિકળતા કાલીમહેલના રહેવાસી ત્રણ સફાઈ કામદાર વિનોદ રાવત, કુંદન અને લોહા બેભાન થઈ ગયા હતા.

### વિદેશ મંત્રી એસ જયશંકરનો પુનરોચ્ચાર

## નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા પ્રતિબદ્ધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીઓ હવે અસરકારક રીતે ચૂંટણી પ્રચાર કરી રહી છે. ભાજપ પાકિસ્તાન, રામ મંદિર અને મુસ્લિમના મુદ્દા પર પ્રચાર કરી રહી છે.ત્યારે ફરી એકવાર **POK**નું નામ લઈને પ્રચારને વધુ વેગવતું બનાવ્યું છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (**PoK**) અંગે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે. તમને જણાવી દઈએ કે વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા



હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કેવી રીતે મોદી સરકારે ભારતીય બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી, જ્યારે લોકોની માન્યતાઓ સંપૂર્ણપણે અલગ હતી. વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (**PoK**) અંગે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે. વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કેવી રીતે મોદી સરકારે ભારતીય બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી, જ્યારે લોકોની માન્યતાઓ સંપૂર્ણપણે અલગ હતી. હું **PoK**ના સંદર્ભમાં એટલું જ કહી શકું છું કે સંસદમાં એક ઠરાવ છે અને દેશની દરેક રાજકીય પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે **PoK**, જે ભારતનો ભાગ છે, તે ભારત પરત આવે. તેમણે આગળ કહ્યું, હું ચોક્કસપણે કહેવા માંગુ છું કે ૧૦ વર્ષ પહેલા અથવા ૫ વર્ષ પહેલા પણ લોકોએ અમને આ પૂછ્યું ન હતું. જયશંકરે કહ્યું કે જ્યારે અમે કલમ ૩૭૦ નાબૂદ કરી, ત્યારે હવે લોકો સમજે છે કે **PoK** પણ મહત્વપૂર્ણ છે.

## તમિલનાડુમાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ, ૫ મહિલાઓ સહિત ૮ મજૂરોનાના મોત

### ઘટનાની માહિતી મળ્યા બાદ રેસ્ક્યુ ટીમ ઘાયલોને બહાર કાઢવામાં અને હોસ્પિટલ પહોંચાડવામાં વ્યસ્ત છે

। (એજન્સી) તમિલનાડ, તા.૯ ।

તમિલનાડુના શિવાકાશીમાં ગુરુવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટને કારણે ઓછામાં ઓછા ૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ બ્લાસ્ટમાં ૧૨થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘટનાની માહિતી મળ્યા બાદ રેસ્ક્યુ ટીમ ઘાયલોને બહાર કાઢવામાં અને હોસ્પિટલ પહોંચાડવામાં વ્યસ્ત છે. ફાયર બ્રિગેડની ગાડીઓ આગ પર કાબૂ મેળવવામાં વ્યસ્ત હતી. પોલીસ અને વહીવટી અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે છે. પોલીસે જણાવ્યું કે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ફેક્ટરી એક લાઈસન્સ ધરાવતી એકમ હતી. વિસ્ફોટ કયા કારણોસર થયો તેની તપાસ કરવામાં આવી રહી છે?વાસ્તવમાં, શિવકાશી દેશનું ફટાકડા ઉત્પાદનનું સૌથી મોટું કેન્દ્ર છે. અહીંના ફટાકડા દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં પ્રખ્યાત છે. શિવકાશી માત્ર ફટાકડાનું જ ઉત્પાદન કરતું નથી પરંતુ દેશમાં સેફટી મેચ અને સ્ટેશનરી વસ્તુઓના કુલ ઉત્પાદનમાં પણ તેનો મોટો હિસ્સો છે.



### રશિયાનો ભારતની લોકસભા ચૂંટણી મામલે આક્ષેપ

## અમેરિકા કરે છે લોકસભાની ચૂંટણીમાં હસ્તશેપ કરવાનો પ્રયત્ન

। (એજન્સી) મોસ્કો, તા.૯ ।

હાલ જ્યારે ભારતમાં લોકસભા ચૂંટણી ચાલી રહી છે ત્યારે રશિયાએ એક મોટો દાવો કર્યો છે. તેણે કહ્યું કે અમેરિકા ભારતની લોકસભા ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. અમેરિકા લોકસભા ચૂંટણી દરમિયાન ભારતને અસ્થિર કરવા માંગે છે. તાજેતરમાં રશિયાની સરકારી ન્યુઝ એજન્સીએ તેના એક રિપોર્ટમાં કહ્યું છે કે રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ કહ્યું કે અમેરિકા ખરેખર ભારતના રાજકીય માહોલને બગાડવાનો પ્રયત્ન કરી રહ્યું છે. તે ભારતની રાજકીય સમજ અને ઈતિહાસને સમજી જ શકતું નથી. ઝખારોવાએ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દા પર અમેરિકાના અહેવાલના સંદર્ભમાં આ નિવેદન આપતા આ બાબત જણાવી હતી.

ૅજી ભારતની ધાર્મિક સ્વતંત્રતા અંગે સતત પાયાવિહોણા આરોપો લગાવી રહ્યું છે. તેનું કારણ ભારતના આંતરિક રાજકીય માહોલને ખલેલ પહોંચાડવાનું અને સામાન્ય ચૂંટણીઓમાં અવરોધ ઊભો કરવાનું છે. ઝખારોવાએ કહ્યું કે અમેરિકાની ગતિવિધિઓ સ્પષ્ટપણે ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપને દર્શાવે છે. જે ભારત માટે એક અપમાનજનક બાબત છે.

### શરદ પવારે આપ્યું વિવાદાસ્પદ નિવેદન

## વૈચારિક રીતે અમે ગાંધી-નેહરુના અનુયાયી : દિગ્ગજ નેતા પવાર

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૯ ।

દેશમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે મહારાષ્ટ્રમાં શરદ પવારના એક નિવેદનની ભારે ચર્ચા થઈ રહી છે. રાજ્યના મુખ્યમંત્રી રહી ચૂકેલા દિગ્ગજ નેતા પવારે કોંગ્રેસ અને ક્ષેત્રીય પાર્ટીઓના ભવિષ્ય અંગે મોટી વાત કહી છે. પવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, વૈચારિક રીતે અમે ગાંધી અને નેહરુના અનુયાયી છીએ. કોંગ્રેસ અને અમારી વચ્ચે કોઈ જ અંતર નથી. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ ચંદ્ર પવારે દાવો કર્યો છે કે આગામી સમયમાં ઘણા ક્ષેત્રીય પક્ષોનો કોંગ્રેસમાં વિલય થઈ શકે છે. ત્યારબાદ ચર્ચા શરૂ થઈ છે કે પવારની પાર્ટીનો કોંગ્રેસમાં વિલય થશે. એટલું જ નહીં પવારના આ સંકેત પર રાજ્યમાં રાજકીય બયાનબાજીનો તબક્કો શરૂ થયો છે. કોંગ્રેસ પાર્ટીમાં ઘણા વર્ષો વિતાવ્યા બાદ તેમણે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની સ્થાપના કરી હતી પરંતુ હવે રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં બે જૂથ બની ગયા છે. શરદ પવારે દાવો કર્યો કે લોકસભા ચૂંટણી પછી ક્ષેત્રીય પક્ષોનો કોંગ્રેસમાં વિલય થઈ શકે છે. હવે દિગ્ગજ નેતાના આ નિવેદનથી રાજકારણમાં એ ચર્ચાએ જોર પકડ્યું છે કે અચાનક લોકસભા ચૂંટણી વચ્ચે પવારને વિલયનો વિચાર કેમ આવ્યો? તેની પાછળ કોઈ ચાલે છે કે કેમ?

શિવસેનાના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ તાત્કાલિક આ મુદ્દે પ્રતિક્રિયા આપી છે. ઠાકરેએ

### ગેરકાયદે અમેરિકામાં ઘુસવા માટે રવાના થયા હતા

## ડક્રી રૂટથી જમૈકા ઘુસેલા ૨૫૩ ભારતીયોને પાછા રવાના કર્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

જમૈકાના નોર્મન મેનલી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચાર્ટડ ફ્લાઈટ્સથી ૬ મેના રોજ ૨૫૩ જેટલા ભારતીય ગેરકાયદેસર રીતે આવી પહોંચ્યા હતા. આ તમામને આજે ભારત મોકલી દેવામાં આવ્યા છે. આ અંગેની માહિતી ટેલિકોમ્યુનિકેશન એન્ડ ટ્રાન્સપોર્ટ મંત્રી ડાર્લી વાઝે આપી છે. ઉલ્લેખનીય છે કે આ ફ્લાઈટ ૬ મેના રોજ જ પરત ભારત આવવાની હતી, જોકે ફ્લાઈટ પ્લાનના પગલે તેને પરત આવવામાં વિલંબ થયો હતો.

વાઝે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે ચાર્ટડ ફ્લાઈટ યુએસસી જીએમબીએચમાં જ ભારતના ૨૫૩ પેસેન્જર્સને પરત મોકલી દેવામાં આવ્યા છે. સવારે ૧૧.૪૬ કલાકે પ્લેને અહીંથી ઉડાન ભરી હતી. ભારત પરત ફરવાનો તમામ ખર્ચ પેસેન્જર્સ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. ચાર્ટડ ફ્લાઈટમાં દર્શાવવામાં આવેલા ૨ પેસેન્જર્સ એરપોર્ટ ઈમિગ્રેશન અધિકારી સમક્ષ હાજર થયા ત્યારે તેમની પાસેની ટ્રાવેલ ડિટેલ્સ મિસિંગ હતી. એમ કહેવાય છે કે આ તમામ પ્રવાસીઓ ગેરકાયદે અમેરિકામાં ઘુસવા માટે રવાના થયા હતા. નોંધનીય છે કે અગાઉ આવું જ એક વિમાન ફ્રાન્સમાં ઈંધણ માટે ઉતર્યું ત્યારે તેઓ બધા ડક્રી રૂટવાળા માલુમ પડતા વિમાન અટકાવી દેવાયું હતુ અને જેતે દેશની એમ્બેસીને વિમાનમાં રહેલા મુસાફરોની માહિતી આપી હતી.

## પોલીસે ચારની સાવરકુંડલાથી ધરપકડ કરી
# શાકભાજીના ધંધાની તકરારમાં પુત્રની સામે જ પિતાના હત્યા

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતના અમરોલીમાં શાકભાજીના ધંધાની તકરારમાં પુત્રની સામે જ પિતાના હત્યા મામલે પોલીસે એક બાળ કિશોર સહીત ચારની સાવરકુંડલાથી ધરપકડ કરી છે. આરોપીઓ શાકભાજીના વેપારી ઉપર ધંધાની અદાવત રાખીને તલવાર અને ચપ્પુથી હુમલો કર્યો હતો. જેમાં વેપારીના પિતાનું મોત થયું હતું. જ્યારે તેના ઈજાગ્રસ્ત ભાઈને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જે મામલે અમરોલી પોલીસે અલ્પેશ ભૂપત ઓગાણિયા, ભૂપત ગગજી, અનિલ અને ગુડું સામે હત્યાનો ગુન્હો નોંધ્યા હતો. સુરતના અમરોલીમાં શાકભાજીના ધંધાની તકરારમાં પુત્રની સામે જ પિતાના હત્યા મામલે પોલીસે એક બાળ કિશોર સહીત ચારની સાવરકુંડલાથી ધરપકડ કરી છે. અમરોલી વિસ્તારમાં ગત ૬ મેની સાંજે શનિ સોલંકી મોટા વરાછા શાકભાજીનો વેપાર કરવા ગયો હતો. ત્યાં ધંધો કરતા પડોશી અલ્પેશ અને તેના પિતા ભૂપતે શનિને ધમકી આપી હતી. રાત્રે શનિ પરિવાર જમવા બેઠો હતો ત્યારે અલ્પેશ અને તેના પિતા સહિત ૪ લોકો તલવાર અને ચપ્પુ લઈ ધસી આવ્યા હતા.

શનિના પિતા અતુલ પર અલ્પેશે હુમલો કર્યો હતો. પિતાને બચાવવા ગયેલા મહેશને પણ આરોપીઓએ ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. અતુલ સોલંકીને સ્મીમેર ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું છે. જ્યારે મહેશની હાલત હાલ પણ ગંભીર છે. આ બાબતે ડીસીપી રાકેશ બારોટે જણાવ્યુંકે, ગત ૬ મેં ના રોજ અમરોલી પોલીસ સ્ટેશનમાં આવેલ અમરોલી કોસાડ આવાસમાં એક હત્યાનો બનાવ બન્યો હતો.

આરોપી અને ફરિયાદીઓ ઉત્રાણ બ્રિજ નીચે શાકભાજી વેચવાનું કામ કરતા હતા. જેમાં આરોપી ક્યામી જગ્યા ઉપર ધંધો કરતો હતો. જ્યાં બાજું માં જ ફરિયાદ શાકભાજી વેચવા માટે ગયા હતા ત્યાં આરોપીએ ફરિયાદીને કહ્યું હતું કે, અહીં બાજુમાં આવું નહિ અને ધંધો કરવો નઈ એમ કહીને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી જેમાં બંને વચ્ચે ઝપાઝપી પણ થઈ હતી અને અંતે સાંજે આરોપીઓ સાંજે ફરિયાદીના ઘરે ગયા હતા જ્યાં આરોપીઓએ ફરિયાદી ઉપર અને તેમના સગા સંબંધીઓ ઉપર તલવારથી હુમલો કર્યો હતો. જ્યાં એકને પેટમાં તલવાર વાગતા મોત થઈ ગયું હતું.

## ગરમી વચ્ચે ત્રણ દિવસ બાદ વરસાદની આગાહી
# ૧૧થી ૧૩મે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી શકે છે
## દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજ અને ગરમ પવન ફૂંકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં પડી રહી છે. તો રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સુરેન્દ્રનગરમાં ૪૩.૧ ડિગ્રી તો અમદાવાદમાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જોકે, ગુજરાતના વાતાવરણમાં જોરદાર મોટો પલટો આવવાનો છે. ભર ઉનાળે વાદળો બંધાશે અને વરસાદ આવશે. ગુજરાતમાં આંધી અને તોફાન સાથે વરસાદ આવશે તેવી અંબાલાલ પટેલની આગાહી છે. ૧૧ તારીખથી રાજ્યના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડવાની આગાહી છે. દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે.

ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૧થી ૧૩મે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતની સાથે સાથે મધ્યગુજરાતમાં પણ વરસાદ આવી શકે છે. વરસાદની



આગાહી છતાં ગુજરાતને હાલ ગરમીમાંથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. આગામી ચાર દિવસ સુધી આવી જ ગરમીનો સામનો કરવો પડશે. દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજ અને ગરમ પવન ફૂંકાશે. જોકે, છેલ્લા બે દિવસથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ રહ્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા અને ગઈકાલે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું આગમન થયુ હતું. જેથી આ વિસ્તારના લોકોને કાળઝાળ ગરમીથી થોડી રાહત મળી હતી. આ જિલ્લામાં વાતાવરણમા પલટો આવતા ઠંડક પ્રસરી હતી. અંબાલાલ પટેલની આગાહી મુજબ ૧૦થી ૧૪ મે વચ્ચે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આંધી વંટોળ સાથે વરસાદ વરસી શકે છે. ૧૦થી ૧૪ મે વચ્ચે હવામાનમાં પલટા બાદ ફરી ૨૦ મે બાદ ગરમીમાં વધારો થશે. તો ઉત્તર ગુજરાતના ભાગોમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી જવાની આગાહી કરાઈ છે. આમ રાજ્યમાં આવનારા ૨૦ દિવસોમાં ભારે ગરમી અને કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. જોકે, ૭ જૂનથી સાગરમા પવનો બદલાતા ફરી વરસાદ આવશે. ૮ થી ૧૪ જૂનમાં આંધીવંટોળ સાથે વરસાદની શક્યતા છે. ૧૭ જૂન બાદ ભારે આંધી વંટોળ સાથે વરસાદ રહેશે. જેઠ વદમાં શ્રવણ પંચકમાં વરસાદ થાય તો સારો વરસાદ થવાની શક્યતા છે. આ બાદ ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી થશે.

એપ્રિલ મહિનામાં ગરમીએ તમામ રેકોર્ડ તોડ્યા છે. અત્યાર સુધીનો સૌથી વધુ ગરમી એપ્રિલ મહિનામાં રહી છે. વિશ્વભરમાં એપ્રિલ મહિનામાં તાપમાન વધુ અનુભવાયું છે. ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરનું પરિણામ હવે દેખાઈ રહ્યું છે. એપ્રિલ ૨૦૧૬નો રેકોર્ડ એપ્રિલ ૨૦૨૪માં તૂટી ગયો છે. જોકે, આ તો માત્ર ટ્રેલર છે, આગામી સમયમાં સરેરાશ વૈશ્વિક તાપમાન હજી વધવાની શક્યતા છે.




# થરા શ્રી ઓગડ વિદ્યા મંદિરનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૬.૮૪ ટકા જાહેર

। (પ્રતિનિધી) થરા, તા.૯ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા ગત માર્ચ-૨૦૨૪માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ , સામાન્ય પ્રવાહના ૯૧.૯૨ ટકા જાહેર થયેલ જેમાં શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રીઓગડ વિદ્યા મંદિરનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૬.૮૪ ટકા જાહેર થયેલ જેમાં કોમર્સ વિભાગમાં મોચી પ્રિયાબેન રસિકલાલ ૮૩.૪૬ ટકા સાથે પ્રથમ જ્યારે આર્ટ્સમાં બારોટ નિકિતાબેન દેવેન્દ્રભાઈ ૮૬ ટકા સાથે પ્રથમ જ્યારે ગોસ્વામી વિપુલપુરી આનંદપુરી ૮૨ ટકા, કેરાસિયા વિવેક દામજીભાઈ ૮૧.૩૩ ટકા સાથે કોમર્સમાં બીજો ત્રીજા પરમાર નિકુલ ભરતભાઈ ૮૪.૪૨ ટકા, થરેચા વિક્રમભાઈ ચંપુભાઈ ૮૨.૮૦ ટકા સાથે આર્ટ્સમાં બીજો ત્રીજા સ્થાને શાળામાં આવેલ મંડળના પ્રમુખ ધીરજ ભાઈ કે. શાહ, શાળાના આચાર્ય ડૉ, હિમાંશુભાઈ પી.શાહે તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# બાળકીએ ખારી ખરીદીને ખાવા જતા મોઢે કીડીઓ કરડી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદના ગોમતીપુરમાં રાજપુર ટોલનાકા પાસે આવેલી જન્નત બેકરી સીલ કરવામાં આવી છે. જન્નત બેકરી માંથી ત્રણ વર્ષની બાળકીએ ખારી ખરીદી હતી. જે ખારી ખાતા તેમાં કીડીઓ નીકળી હતી. કીડીઓ ચોંટી જવાના કારણે બાળકીને મોઢે કીડીઓ કરડી ગઈ હતી અને તેને હોઠ ઉપર સોજો આવી ગયો હતો. જ્યારે તેના માતા-પિતાએ ખારીમાં જોયું તો કીડીઓ હતી. જેથી, તાત્કાલિક આ મામલે તેમણે ગોમતીપુર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર ઈકબાલ શેખને જાણ કરી હતી. ઈકબાલ શેખે આ મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના અધિકારી ડૉ. ભાવિન જોશીને જાણ કરી હતી. આ મામલે તાત્કાલિક ધોરણે ફૂડ વિભાગની ટીમ દ્વારા જન્નત બેકરીમાં તપાસ કરવામાં આવી હતી.

## શાકભાજી અને ફ્રૂટના ધંધાના ઝઘડામાં હુમલો કર્યો
# ધંધાની અદાવતમાં પિતા-પુત્ર પર તિક્ષ્ણ હથિયારથી હુમલો

**૪૫ વર્ષીય પિતાનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું ઘટનાને પગલે અમરોલી પોલીસે હત્યારાની શોધખોળ આદરી છે**

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતના અમરોલી-કોસાડ આવાસમાં શાકભાજી અને ફ્રૂટના ધંધાના ઝઘડાની અદાવતમાં ચાર પિતા-પુત્રએ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. બાજુની બિલ્ડીંગમાં રહેતા ત્રણ પિતા-પુત્ર ઉપર હુમલો કર્યો હતો. જેથી ૪૫ વર્ષીય પિતાનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે અમરોલી પોલીસે હત્યારાની શોધખોળ આદરી છે.

અમરોલી-કોસાડ આવાસમાં રહેતા શની અતુલ સોલંકી રાબેતા મુજબ ૬ વાગ્યે પત્ની સુમન સાથે શાકભાજી અને ફ્રૂટનો ધંધો કરવા ટેમ્પો લઈ મોટા વરાછાના રામચોક ખાતે ગયાં હતાં. રહેણાંક આવાસની બાજુમાં અલ્પેશ ભુપત ઓગણીયા અને તેના પિતા ભુપત ગગજી ઓગણીયા પણ શાકભાજીનો ધંધો કરે છે. આ પિતા પુત્રએ શની અને તેની પત્ની સુમનને ધંધો કરવા આવવાની ના પાડવાની સાથે આવશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાથે જ ઝઘડો પણ કર્યો હતો.ઝઘડો થયા બાદ પતિ-પત્ની ત્યાંથી ટેમ્પો લઈ અન્ય ઠેકાણે ધંધો કરી રાતે ઘરે ગયાં હતાં. રાતે સાડા દસ વાગ્યાના અરસામાં શની તેના પિતા અતુલ માતા ગીતાબેન નાનોભાઈ મહેશ અને તેની પત્ની આરતી જમવા બેઠા હતાં. શનીની પત્ની સુમનબેન ઘરનો દરવાજો બંધ કરી રહી હતી. આ દરમિયાન અલ્પેશ તેના પિતા ભુપત અને નાનાભાઈ અનિલ તથા દદુ તલવાર અને ચપ્પુ સાથે આવતા જોઈ ચોંકી ગઈ હતી. તુરંત ઘરના સભ્યોને જાણ કરી હતી. જેથી તમામ ઘરની અંદર જ આવી જઈને હુમલો કર્યો હતો. જેમાં પિતાને પેટના ભાગે તિક્ષ્ણ હથિયાર વાગતાં આંતરડું બહાર આવી ગયું હતું.જેથી તેનું મોત નીપજ્યું હતું.

# ઓઢવમાં લગ્ન માટે દબાણ કરતા યુવક સામે યુવતીની દુષ્કર્મની ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ઓઢવમાં પરિવાર સાથે રહેતી યુવતીને તેના વિસ્તારમાં રહેતા યુવક સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. યુવક યુવતીને લગ્ન કરવા દબાણ કર્યા કરતો હતો. આ સમયે યુવતીની સહમતીથી એક વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ યુવતીને લગ્ન નહીં કરે તો સમાજમાં તારી બદનામી કરીશ કહીને બળજબરીપૂર્વક યુવતી સાથે સંબંધ કેળવ્યો હતો. યુવતી ઘરમાં ગુમસૂમ બેસી રહેતા માતાએ પૂછતા તમામ હકીકત જણાવી દીધી હતી. બાદમાં યુવતીએ આ મામલે ઓઢવ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.ઓઢવમાં રહેતી ૨૨ વષીય યુવતી સંયુક્ત કુટુંબમાં રહે છે. વર્ષ અગાઉ યુવતીના વિસ્તારમાં યુવક ભાડેથી રહેવા આવ્યો હતો. યુવતીની માતા ટિફિન સર્વિસ કરતી હોવાથી યુવકના ઘરે ટિફિન આપવા યુવતી આવતી જતી હતી. આ દરમિયાન બંને વચ્ચે મિત્રતા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો. ગત ડિસેમ્બરમાં યુવતીના ઘરે કોઈ હાજર ન હતું ત્યારે યુવક તેના ઘરે આવીને શારીરિક સંબંધ બાંધ્યો હતો બાદમાં લગ્ન માટે અવારનવાર દબાણ કરતો રહેતો હતો પરંતુ યુવતી ઈનકાર કરતી હતી. તેથી યુવકે તેને સમાજમાં બદનામ કરી નાખશે તથા તેના માતાપિતા અને ભાઈને મારી નાખવાની ધમકી આપીને ઘણી વખત બળજબરીપૂર્વક યુવતી સાથે સંબંધ બાંધ્યો હતો. ઉપરાંત આ મામલે કોઈને જાણ કરીશ તો સમગ્ર પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેથી યુવતી ગભરાઈને ઘરમાં ગુમસૂમ બેસી રહેતી હતી.

# વડોદરાથી અમદાવાદ એરપોર્ટ સુધી ઇન્ટર સિટી બસ સેવા શરૂ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

GSRTC દ્વારા વડોદરાથી અમદાવાદ એરપોર્ટ સુધી ઈન્ટર સિટી બસ સેવા શરૂ કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે, GSRTCએ ગત ફેબ્રુઆરી મહિનામાં અમદાવાદ એરપોર્ટથી રાજકોટ માટે સીધી બસ શરૂ કરી હતી. જેને સફળતા મળ્યા બાદ વડોદરા શહેરથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી બસ શરૂ કરવામાં આવશે. GSRTCની આ પહેલ ઈન્ટરનેશનલ પ્રવાસ કરતા મુસાફરોને તથા બિઝનેસ ટ્રિપ પર જતા મુસાફરો માટે ખાસ ઉપયોગી બનશે. વડોદરા એરપોર્ટ અમદાવાદ એરપોર્ટની સરખામણીએ દેશ-વિદેશ સાથે ઓછી કનેક્ટિવિટી ધરાવે છે. તેથી ત્યાંના રહેવાસીઓએ કોઈ નિશ્ચિત સ્થળ પર પહોંચવા માટે અમદાવાદ એરપોર્ટ આવવું પડતું હોય છે. જો આ બસનો ઉપયોગ કરવામાં આવે તો વડોદરાથી અન્ય કોઈ સાધન બદલવામાં સમય વેડફ્યા વગર સીધા અમદાવાદ એરપોર્ટ પહોંચી શકે છે. અમદાવાદ એરપોર્ટથી વડોદરા સુધી દરરોજ બે વખત GSRTCની બસ દોડશે. એટલે કે દરરોજ ચાર બસ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી વડોદરા વચ્ચે અવરજવર કરશે.અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી સવારે ૬ વાગ્યે GSRTCની બસ વડોદરા પહોંચવા માટે રવાના થશે જે સવારે ૮:૩૦ કલાકે વડોદરા પહોંચશે. જ્યારે બીજી બસ રાત્રે ૧૧:૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટથી રવાના થઈને મોડી રાત્રે ૧:૩૦ કલાકે વડોદરા પહોંચશે. આ રીતે વડોદરાથી બપોરે ૩:૧૫ કે બસ અમદાવાદ એરપોર્ટ આવવા રવાના થશે, જે સાંજે ૫:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચે છે. જ્યારે અન્ય બસ સાંજે ૭:૩૦ કલાકે વડોદરાથી રવાના થઈને રાત્રે ૧૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. બસ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે. જેમાં ઓનબોર્ડ મનોરંજન અને ચાર્જિંગ સુવિધાઓ, એર કંડીશન વોલ્વો બસ રહેશે. દિવસમાં બે વખત અમદાવાદ એરપોર્ટ પર અને બે વખત વડોદરા જશે. તેથી દરેક મુસાફર પોતાના સમયે ફલાઈટ પકડી શકશે.

## ઓનલાઈન લેવડ દેવડના વધતાં ફ્રોડની ઘટનામાં વધારો
# નિવૃત અધિકારીના એકાઉન્ટમાં થી રૂ.૧૦.૨૦ લાખ કપાઈ ગયા

**સમગ્ર મામલે સાયબર ક્રાઇમેં ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી**

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ઓનલાઈન લેવડ દેવડના વધતાં ફ્રોડની ઘટનામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. રોજ અવનવા ઓનલાઈન છેતરપિંડીના કિસ્સા સામે આવી રહ્યા છે. જેમાં તાજેતરમાં નિવૃત્ત ઈક્મટેક્ષ મુખ્ય કમિશનર સાથે થયેલી ઓનલાઈન ફ્રોડની ઘટનામાં ગાંઠિયાઓ છ્સ્માં જઈ રેફરન્સ નંબર નાંખી રૂપિયા ઉઠાવવી ગયા હતા. મળતી વિગત મુજબ ઈક્મટેક્ષના નિવૃત્ત મુખ્ય કમિશનરને દિલ્હીથી પેન્શન ઓફિસર બોલતો હોવાનો ફોન કરીને શખ્સે પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવાનું કહીને કેટલીક પ્રોસેસ કરાવી હતી. બેંકની એપ્લિકશન અપડેટ કરાવીને ફરિયાદીને એટીએમ મશીનમાં મોકલીને ત્રણ વખત રેફરનસ નંબર નંખાવ્યો હતો. ત્યારબાદ અધિકારીના એકાઉન્ટમાંથી રૂ.૧૦.૨૦ લાખ કપાઈ ગયા હતા જેથી આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આંબાવાડીમાં રહેતા ૬૭ વર્ષીય રમેશકુમાર રામરાજ અમદાવાદ ઈક્મટેક્ષ ઓફિસમાં મુખ્ય કમિશનર હતા અને વર્ષ ૨૦૧૬માં નિવ્ત્ત થયા હતા. ગત ૧૫મી એપ્રિલે રમેશકુમાર ઘરે હતા તે સમયે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ દિલ્હીના પેન્શન ઓફિસર મિસ્ટર તિવારી તરીકેની આપી હતી. રમેશકુમારે તેની સાથે વાત કરી ત્યારે શખ્સે જણાવ્યું હતું કે, તમારો પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવો પડશે નહીં તો એપ્રિલ મહિનાનું પેન્શન નહીં આવે. ત્યારબાદ ગઠિયાએ મોબાઈલમાં રહેલી એસબીઆઈ યોનો એપ્લિકેશન ઓપન કરાવીને પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવાનું કહીને અપડેટ માટે એટીએમમાં જવાનું કહ્યું હતું. જેથી રમેશકુમાર આ શખ્સના જણાવ્યા પ્રમાણે એટીએમમાં ગયા જ્યાં સર્વિસીસના ઓપ્શનમાં જઈને ત્રણ વખત રેફરન્સ નંબર નંખાવ્યો હતો.

## વિશેષ
## ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટના આદાન-પ્રદાન માટે અમદાવાદ ખાતે તૃતીય એક્ષચેન્જ મેળો યોજાયો
# સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી પી. ડી. પલસાણા અને શ્રી એ. બી. પટેલ તથા અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે પોસ્ટલ બેલેટના તૃતીય એક્ષચેન્જ મેળામાં ઉપસ્થિત રહ્યાં

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી કરવામાં આવેલ મતદાનવાળા પોસ્ટલ બેલેટનું આદાન-પ્રદાન કરવા માટે આજે રાજ્ય કક્ષાના તૃતીય એક્ષચેન્જ મેળાનું અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી પી. ડી. પલસાણા અને શ્રી એ.બી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ મેળાની અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે. એ મુલાકાત લઈ ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાઓને નિહાળી હતી. પોતાના અથાક પ્રયત્નો, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સખત મહેનત થકી મુક્ત, ન્યાયી, નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણીઓ સંપન્ન કરવામાં જેમનું પાયાનું મહત્ત્વનું યોગદાન છે, એવા ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મનિષ્ઠ કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તેમને પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા આપવામાં આવે છે. આવા કર્મચારીઓ દ્વારા અગાઉ ભરવામાં આવેલા ફોર્મ-૧૨ આધારે તેમને કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ મતદાનના પોસ્ટલ બેલેટનું રાઉન્ડ પ્રમાણે આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના ચૂંટણી પંચની નવી ગાઈડલાઈન અનુસાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની પ્રક્રિયામાં ફરજ પર નિયુક્ત કરવામાં આવેલા અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ પોસ્ટલ બેલેટ પેપર મારફત પોતાના ફરજના સ્થળ પરથી મતદાન કરી શકે તે માટેની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે યોજાયેલા રાજ્યકક્ષાના તૃતીય એક્ષચેન્જ મેળાની કામગીરીમાં દરેક જિલ્લાના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સારો સહયોગ આપ્યો હતો. આ પ્રકારની વ્યવસ્થાથી ચૂંટણી ફરજમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સરળતાથી



મતદાન કરી શક્યા છે. આ પ્રસંગે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીમાં કાર્યરત અધિક કલેકટર શ્રી રિક્રેશ પટેલ, અમદાવાદના એડિશનલ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર ઉપરાંત તમામ જિલ્લાના પોસ્ટલ બેલેટના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મનીષા કોઈરાલા RPP માટે પ્રચાર કરશે

## નેપાળની હિન્દુ રાષ્ટ્રની ઓળખ બદલવામાં કાવતરું થયું છે : મનિષા કોઈરાલા

**। (એજન્સી) નેપાળ, તા.૯ ।**

નેપાળમાં અભિનેત્રી મનીષા કોઈરાલા RPP માટે પ્રચાર કરશે. પ્રખ્યાત અભિનેત્રી મનિષા કોઈરાલાએ કહ્યું કે જ્યારે નેપાળ હિન્દુ રાષ્ટ્ર હતું ત્યારે તે ખૂબ જ સમૃદ્ધ હતું. તે અમારી શ્રેષ્ઠ ઓળખ હતી જ્યારે અમે વિશ્વનું એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર હતા. નેપાળની હિન્દુ રાષ્ટ્રની ઓળખ બદલવામાં કાવતરું થયું છે. ઉલ્લેખનીય છે કે અભિનેત્રી મનીષા કોઈરાલાએ નેપાળને ફરીથી હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે હિંદુ તરફી રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી માટે પ્રચાર કર્યો હતો. બોલિવૂડની ખ્યાતનામ અભિનેત્રી મનિષા કોઈરાલા નેપાળની સામાન્ય ચૂંટણીમાં પ્રચાર કરશે તેવી માહિતી પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પ રથી આપી છે. જેમાં ટ્વીટ કરીને માહિતી આપી હતી કે તે નેપાળની ચૂંટણીમાં RPP (રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી) માટે પ્રચાર કરશે અને શુક્રવારે પાર્ટીની બે રેલીઓને સંબોધિત કરશે. તેમજ



કોઈરાલાએ કહ્યું કે નેપાળમાં પ્રગતિશીલ રાજનીતિના નામે રાષ્ટ્રવાદી દળોના બહિષ્કારથી દેશને મોટું નુકસાન થયું છે. એક ઈન્ટરવ્યુમાં આપેલા આ સ્ટેટમેન્ટ હાલમાં ખૂબ વાયરલ થયું છે. મનિષા કોઈરાલા ૧૯૯૦થી ૨૦૦૦ સુધી બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી રહી છે. તેણે બોમ્બે, ખામોશી, દિલ સે અને સૌદાગર જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. જોકે, મનિષા પણ નેપાળના રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે. મનિષા કોઈરાલાના પરદાદા નેપાળના મોટા ઉદ્યોગપતિ હતા. સાથે જ મનિષાના દાદા કોઈરાલા નેપાળના વડાપ્રધાન રહી ચૂક્યા છે. આ સિવાય તેના પિતા પણ નેપાળ સરકારમાં મંત્રી છે.

# ભારતમાં હિંદુઓની વસ્તીમાં ૭.૮% ઘટાડો અને મુસ્લિમોની વસ્તીમાં ૪3% વધારો

### એક અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં હિંદુઓની વસ્તી હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૭.૮% જેટલો ઝડપથી ઘટી ગયો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।**

ભારતમાં હિન્દુઓની વસ્તીમાં ઘટાડો થયો છે. રિપોર્ટ અનુસાર ભારતમાં હિંદુઓની વસ્તીમાં ૭.૮ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે મુસ્લિમોની વસ્તીમાં ૪૩ ટકાનો વધારો થયો છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. અહેવાલ મુજબ, એક અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં હિંદુઓની વસ્તી હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ ની વચ્ચે ૭.૮% જેટલો ઝડપથી ઘટી ગયો છે, જ્યારે ભારતના ઘણા પડોશી દેશોમાં તેમના બહુમતી સમુદાયની વસ્તીમાં વધારો જોવા મળ્યો છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે પોતાના અહેવાલમાં વિશ્વના ૧૬૭ દેશોના વલણોનો અભ્યાસ કર્યો હતો. આ રિપોર્ટ મે ૨૦૨૪માં બહાર પાડવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર, જ્યાં એક તરફ ભારતમાં બહુમતી હિંદુઓની વસ્તી હિસ્સેદારી ઘટી છે, તો બીજી તરફ મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ અને શીખ સહિત અન્ય લઘુમતીઓનો વસ્તી હિસ્સો વધ્યો છે. જોકે જૈનો અને પારસીઓની



સંખ્યામાં ઘટાડો થયો છે. ૧૯૫૦ અને ૨૦૧૫ વચ્ચેના સમયગાળામાં, ભારતમાં મુસ્લિમોની વસ્તીમાં ૪૩.૧૫%નો વધારો થયો છે, જ્યારે ખ્રિસ્તીઓમાં ૫.૩૮%, શીખોમાં ૬.૫૮% અને બૌદ્ધોમાં નજીવો વધારો જોવા મળ્યો છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે ૧૯૫૦ અને ૨૦૧૫ વચ્ચે એટલે કે ૬૫ વર્ષ વચ્ચે વસ્તીમાં થયેલા ફેરફારોનો અભ્યાસ કર્યો છે. EAC-PM એટલે કે વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના અહેવાલ અનુસાર, ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૧૯૫૦માં ૮૪%થી ઘટીને ૨૦૧૫માં ૭૮% થયો હતો, જ્યારે તે જ સમયગાળામાં મુસ્લિમોનો હિસ્સો ૯.૮૪% થી વધીને ૧૪.૦૯% થયો છે. ભારતમાં બહુમતી એટલે કે હિંદુઓની વસ્તીમાં ૭.૮ ટકાનો ઘટાડો થયો છે. ભારતની જેમ પડોશી દેશ મ્યાનમારમાં પણ બહુમતી વસ્તીમાં ૧૦%નો ઘટાડો નોંધાયો છે. નેપાળની સ્થિતિ પણ આવી જ છે, જ્યાં તેની હિન્દુ વસ્તીમાં ૩.૬ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે, જો આપણે ભારતના અન્ય પડોશી દેશોની વાત કરીએ જ્યાં મુસ્લિમોની બહુમતી છે, તો બાંગ્લાદેશની બહુમતી વસ્તીમાં ૧૮.૫ ટકાનો વધારો થયો છે. એ જ રીતે, બહુમતી વસ્તી (મુસ્લિમ) પાકિસ્તાનમાં ૩.૭૫ ટકા અને અફઘાનિસ્તાનમાં ૦.૨૯ ટકા વધી છે.

### રોકાણકારોને રૂ. ૭ લાખ કરોડનું નુકસાન થયું છે

## સેન્સેક્સ ૧૦૬૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૨,૪૦૪ પોઈન્ટની સપાટીએ બંધ થયું

**। (એજન્સી) મુંબઈ, તા.૯ ।**

વિદેશી રોકાણકારોની ભારે વેચવાલીથી ભારતીય શેરબજાર ફરીથી મોટા ઘટાડા સાથે બંધ થયું છે. BSE સેન્સેક્સ ૭૩૦૦૦ ની નીચે અને નિફ્ટી ૨૨૦૦૦ની નીચે સરકી ગયો છે. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ માતમ છવાયો છે. ઈન્ડિયા ફેટ લગભગ ૭ ટકાના ઘટાડા સાથે એક વર્ષની ટોચે બંધ રહ્યો હતો. આજના કારોબારના અંતે સેન્સેક્સ ૧૦૬૨ પોઈન્ટનાઘટાડાસાથે૭૨,૪૦૪પોઈન્ટઅને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૪૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧,૯૫૭ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. શેરબજારમાં આવેલી આ સુનામીને કારણે રોકાણકારોને આજના સત્રમાં રૂ.૭ લાખ કરોડનું નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩૯૩.૬૮ લાખ કરોડ પર બંધ થયું



હતું, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૦૦.૬૯ લાખ કરોડ હતું. આજના ટ્રેડિંગ સેશનમાં રોકાણકારોને રૂ.૭ લાખ કરોડનું નુકસાન થયું છે. આજના કારોબારમાં કુલ ૩૯૪૩ શેરનો વેપાર થયો હતો જેમાં ૯૨૯ શેર ઉછાળા સાથે બંધ થયા હતા જ્યારે ૨૯૦૨ શેર નુકસાન સાથે બંધ થયા હતા. ૧૧૨ શેરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. બજારમાં આજે જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. સાપ્તાહિક એક્સપાયરીના દિવસે નિફ્ટીમાં ભારે વેચવાલી જોવા મળી હતી. બીએસઈ ઓટો ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટરમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ ૧.૫% નો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી ફરી ૨૧,૯૫૦ની નીચે સરકી ગયો. આજે તે લગભગ ૩૫૦ પોઈન્ટ ઘટ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં જોરદાર વેચવાલી જોવા મળી હતી. ઓઈલ-ગેસ, મેટલ, એફએમસીજી, રિયલ્ટીમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી હતી. બેન્ચમાર્ક સૂચકાંકો આજે ભારે નુકસાન સાથે બંધ થયા છે. સેન્સેક્સ ૧૦૬૨ પોઈન્ટ ઘટીને ૭૨,૪૦૪ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૩૪૫ પોઈન્ટ ઘટીને ૨૧,૯૫૬ પર બંધ રહ્યો હતો. રૂપિયો ૧ પૈસા મજબૂત થયો અને 83.51/$ પર બંધ થયો. ચોથા ક્વાર્ટરના પરિણામોમાં રાજસ્વની ઘટના અહેવાલો વચ્ચે L&Tના શેરમાં ૫%નો ઘટાડો થયો હતો.

### ૩૦ દિવસના વિઝા ફ્રી એક્સેસ મળશે

## શ્રીલંકા જવા માટે ભારતીયોને હવે વિઝાની જરૂર નહીં પડે

**। (એજન્સી) શ્રીલંકા, તા.૯ ।**

શ્રીલંકાની સરકારનો નિર્ણય પર્યટન ઉદ્યોગના પુનઃર્નિમાણના પ્રયત્નોના ભાગ રૂપે આવ્યો છે. જેને કોરોના મહામારી અને દેશમાં ચાલી રહેલા આર્થિક અને રાજનૈતિક સંકટોના કારણે ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો છે. પર્યટકોને મોટી સંખ્યામાં પોતાના દેશમાં આવવાનું પ્રોત્સાહન આપવા માટે શ્રીલંકાએ પોતાની વીઝા પોલિસીને રિન્યૂ કરી છે. ભારત અને ૭ અન્ય સિલેક્ટેડ દેશોના નાગરિકોને વીઝા ફ્રી એક્સેસને રિન્યૂ કર્યું છે. તેનો ઉદ્દેશ્ય ઈન્ટરનેશનલ પર્યટકો માટે યાત્રાને વધારે સુલભ અને સુવિધાજનક બનાવવાનું છે. આ પહેલમાં



ભારત, ચીન, રશિયા, જાપાન, મલેશિયા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા શામેલ છએ. આ દેશોના નાગરીકોને શ્રીલંકામાં ૩૦ દિવસના વિઝા ફ્રી એક્સેસ મળશે. શ્રીલંકાની સરકારનો નિર્ણય પર્યટન ઉદ્યોગના પુનઃર્નિમાણના પ્રયત્નોના ભાગ રૂપે આવ્યો છે. જેને કોરોના મહામારી અને દેશમાં ચાલી રહેલા આર્થિક અને રાજનૈતિક સંકટોના કારણે ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો છે.

### પંજાબ અને હરિયાણા હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

## પત્ની લાંબા સમય સુધી સેક્સ ન માણવા દે તો પતિ છૂટાછેડા લઈ શકે

**। (એજન્સી) ચંદીગઢ, તા.૯ ।**

પંજાબ-હરિયાણા હાઈકોર્ટે મહત્વનો નિર્ણય આપતાં સ્પષ્ટ કર્યું છે કે શારીરિક રીતે અક્ષમ કે અન્ય કોઈ કારણસર લાંબા સમય સુધી શારીરિક સંબંધ ન બાંધવો એ પતિ પ્રત્યેની પત્નીની માનસિક ક્રૂરતા છે. પત્ની આઠ વર્ષથી તેના પતિથી અલગ રહે છે અને સંબંધ બંધાયો નથી, આ ક્રૂરતા બદલ પતિ છૂટાછેડાને પાત્ર છે. અરજી દાખલ કરતી વખતે હરિયાણા નિવાસી પત્નીએ ફેમિલી કોર્ટના છૂટાછેડાના આદેશને પડકાર્યો હતો. અરજીકર્તાએ જણાવ્યું કે તેના લગ્ન ૧૯૯૯માં થયા હતા અને ત્યારબાદ બંને વચ્ચેના સંબંધો બગડવા લાગ્યા હતા. ૨૦૧૬માં અરજદારના પતિએ ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. ૨૦૧૯ માં, ફેમિલી કોર્ટે અરજદારના પતિની તરફેણમાં ચુકાદો આપ્યો




હતો અને છૂટાછેડાનો આદેશ આપ્યો હતો. અરજીકર્તાએ જણાવ્યું કે તે ૨૦૧૬થી તેની બે પુત્રીઓ સાથે તેના પતિથી અલગ રહે છે. આ અંગે અરજીકર્તાના પતિએ જણાવ્યું કે અરજીકર્તા એક ધાર્મિક જૂથનો ભાગ બની ગયો છે અને તેમની વચ્ચે લાંબા સમયથી કોઈ સંબંધ નથી. તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે કહ્યું કે જો દંપતીમાંથી કોઈ એક લાંબા સમય સુધી શારીરિક સંબંધ રાખવાનો ઈન્કાર કરે તો તે બીજા પ્રત્યે માનસિક ક્રૂરતાની શ્રેણીમાં આવે છે. હરિયાણાના રહેવાસી આ કપલે ૧૯૯૯માં લગ્ન કર્યા હતા. બંને ૨૦૧૬માં અલગ થઈ ગયા હતા.



નવી દિલ્હીમાં સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સના (R&D) અને DRDOના ચેરમેન ડો. સમીર વી. કામત' ઈમર્જિંગ ટેક્નોલોજીસ ઇન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ' પર નેશનલ સિમ્પોસિયમ અને ઈન્ડસ્ટ્રી મીટનીમાં આયોજિત ઈન્ડસ્ટ્રી-પાર્ટનર પ્રદર્શનમાં જોડાયા.

### ભાજપના સાંસદ સાક્ષી મહારાજનું નિવેદન

## જ્યારે-જ્યારે દેશમાં હિન્દુઓ ઘટ્યા ત્યારે દેશનું વિભાજન થયું છે

**। (એજન્સી) ઉન્નાવ, તા.૯ ।**

દેશમાં હાલ જ્યારે લોકસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે ભાજપના સાંસદ સાક્ષી મહારાજનું એક વિવાદિત નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે ભારતમાં મુસ્લિમ વસ્તી વધવી તે લોકશાહી ધરાવતા દેશ માટે ધાતક સાબિત થઈ શકે છે. ચાર પત્નીઓ અને ૪૦ બાળકો ભારતમાં ચાલશે નહીં. ઉન્નાવ લોકસભા સીટ પરથી સાંસદ ડો.સચ્ચિદાનંદ હરિ સાક્ષી મહારાજે કહ્યું કે જ્યારથી મે વસ્તીના આંકડાઓ સમાચારમાં વાંચ્યા છે, ત્યારથી હું ચોંકી ગયો છું. હિન્દુસ્તાનમાં હિન્દુઓની જ વસ્તી ઘટવી તે સારો સંકેત ન કહી શકાય. દેશનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જ્યારે-જ્યારે દેશમાં હિન્દુઓ ઘટ્યા છે ત્યારે દેશનું વિભાજન થયું છે. ભારતમાં મુસ્લિમ વસ્તી વધવી તે લોકશાહી ધરાવતા દેશ માટે ધાતક સાબિત થઈ શકે છે. વસ્તીને લઈને સુપ્રીમ કોર્ટ પણ ચિંતા વ્યક્ત કરી ચુકી છે. ઈતિહાસ પર એક નજર કરવામાં આવે તો દેશના વિભાજન સમયે પાકિસ્તાનમાં ૨૩.૫ ટકા હિન્દુઓની વસ્તી હતી, જે ઘટીને લગભગ ૨.૫ ટકા રહી ગઈ છે.

### ફિલ્મનું શૂટિંગ જૂનથી શરૂ કરવા જઈ રહ્યા છે

## સિકંદર ફિલ્મમાં રશ્મિકા મંદન્ના અને સલમાન ખાન એક સાથે જોવા મળશે

**। (એજન્સી) મુંબઈ, તા.૯ ।**

અદભૂત અભિનયને કારણે નેશનલ ક્રશનું બિરૂદ પામેલી અને 'એનિમલ' અને 'પુષ્પા' જેવી સુપરહિટ ફિલ્મોની અભિનેત્રી હવે રશ્મિકા મંદન્ના તેણી અદાથી ફરીથી દર્શકોને આકર્ષવા જઈ રહી છે. રણબીર કપૂર બાદ હવે ૫૮ વર્ષના બોલિવૂડ હીરો સાથે કામ કરશે રશ્મિકા મંદાના. રશ્મિકા હવે સલમાન ખાનની 'સિકંદર'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે ભાઈજાન સાથએ ઈશ્ક ફરમાવશે. ફિલ્મનાં ચાહકોને ૨૦૨૫ની ઈદમાં સલમાન અને રશ્મિકાની અનોખી જોડી જોવા મળશે. આ ફિલ્મને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સિકંદર સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન હાઉસ હેઠળ બની રહી છે અને તેનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરી રહ્યા છે. જેમાં પ્રોડક્શન હાઉસે તેના સોશિયલ મીડિયા પર ફિલ્મમાં રશ્મિકાની એન્ટ્રીની સત્તાવાર જાહેરાત પણ કરી દીધી છે. સલમાન ખાનની ફિલ્મ સિકંદરની જ્યારથી જાહેરાત થઈ છે ત્યારથી લોકો



તેની રિલીઝ ડેટની રાહ જોઈ રહ્યા છે. નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ ડેટ અંગે પણ સત્તાવાર જાહેરાત કરી છે. કિક', 'જુડવા' અને 'મુઝસે શાદી કરોગી' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનારા સાજિદ નડિયાદવાલા હવે તેમના ખાસ મિત્ર સલમાન ખાન અને હોટ બેબ રશ્મિકા મંદન્નાને લઈને 'સિકંદર' ફિલ્મ બનાવી રહ્યા છે. ફિલ્મની બાકીની કાસ્ટ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. તેઓ 'ગજની' અને 'હોલિડેઃ અ સોલ્જર ઈઝ નેવર ઑફ ડ્યુટી' જેવી મહાન ફિલ્મોના દિગ્દર્શન માટે જાણીતા છે. સાજિદ નડિયાદવાલાએ રશ્મિકા મંદાનાને આ ફિલ્મની સ્ટોરી સંભળાવી ત્યારે એક્ટ્રેસ આ રોલને લઈને ખૂબ જ ઉત્સાહિત થઈ ગઈ. તેણે તરત જ ફિલ્મ કરવા માટે હા પાડી દીધી હતી. સૂત્રોનું માનીએ તો સિકંદર માત્ર એક એક્શન ફિલ્મ નથી.

### ખાણીપીણીની શોખીનો માટે મોટો ઝટકો

## ડુંગળી-બટાકા અને ટામેટાના ભાવમાં વધારો થતા મોંઘી થઈ ગઈ વેજ-થાળી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।**

રેટિંગ એજન્સી ક્રિસિલે એક રિપોર્ટ જાહેર કર્યો છે, જે અત્યંત ચોંકાવનારો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડુંગળી, ટામેટા અને બટાકાની કિંમતના કારણે એપ્રિલમાં ઘરમાં બનેલી શાકાહારી થાળીની કિંમત ૮ ટકા વધીને ૨૭.૪ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ગયા વર્ષે આ મહિનામાં તેની કિંમત ૨૫.૪ રૂપિયા હતી. રેટિંગ એજન્સી ક્રિસિલના 'રોટી ચાવલ રેટ' રિપોર્ટ અનુસાર, નોનવેજ ચાહકો માટે સારા સમાચાર છે. કારણ કે, સસ્તા બ્રોઈલરને કારણે માંસાહારી થાળીની કિંમતમાં મોટો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન માંસાહારી થાળીની કિંમત ૫૮.૯ રૂપિયાથી ૪ ટકા ઘટીને ૫૬.૩ રૂપિયા થઈ ગઈ છે. શાકાહારી થાળીમાં રોટલી, ડુંગળી, ટામેટા, બટેટા, ચોખા, દાળ, દહીં અને સલાડનો સમાવેશ થાય છે. માંસાહારી થાળીમાં સમાન ખાદ્ય પદાર્થો હોય છે, પરંતુ દાળની જગ્યાએ ચિકન (બ્રોઈલર) આવે છે. ઘરે બનાવેલી થાળીની સરેરાશ કિંમત



ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં ઈનપુટ કિંમતોના આધારે ગણવામાં આવે છે. ક્રિસિલે જણાવ્યું હતું કે રવી પાકોમાં રેકોર્ડબ્રેક ઘટાડો અને પશ્ચિમ બંગાળમાં બટાકાના પાકને નુકસાન થવાને કારણે ડુંગળીની ઓછી આવકને કારણે ભાવમાં વધારો થયો છે. ચોખા અને કઠોળના ભાવમાં પણ વર્ષ-દર-વર્ષે (Y-o-Y) ૧૪ ટકા અને ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. તો જીરું, મરચાં અને વનસ્પતિ તેલના ભાવમાં અનુક્રમે ૪૦ ટકા, ૩૧ ટકા અને ૧૦ ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે શાકાહારી થાળીની કિંમતમાં વધુ વધારો થયો નથી. રિપોર્ટ કહે છે કે, બ્રોઈલર ચિકનના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જે પ્લેટની કુલ કિંમતના ૫૦ ટકા હિસ્સો બ્રોઈલર ચિકનના ભાવમાં ઘટવાને કારણે આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ડુંગળીના ભાવમાં ૪ ટકા અને ઈંધણની કિંમતમાં ૩ ટકાના ઘટાડાને કારણે એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત સ્થિર રહી હતી. ટામેટાં અને બટાકાના ભાવ સતત વધી રહ્યા છે. માંસાહારી થાળીની કિંમતમાં માર્ચની સરખામણીમાં ૩ ટકાનો વધારો થયો છે કારણ કે બ્રોઈલર માંગમાં વધારો અને ઈનપુટ ખર્ચમાં વધારો થયો છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સનાં ડાયરેક્ટર પુષણ શર્માના જણાવ્યા અનુસાર, શાકભાજીના ભાવ નજીકના ભવિષ્યમાં "ઉંચા" રહેવાની શક્યતા છે.

## ED દ્વારા નોટીસ મોકલાતા બિઝનેસમેને કર્યો આપઘાત

**। (એજન્સી) રાંચી, તા.૯ ।**

દેશભરમાં છેલ્લા ઘણા સમયથી ખોટું કરનારા નેતાઓ અને બિઝનેસમેન સામે ઈડીની કાર્યવાહી ચાલી રહી છે. લોકોમાં હવે ઈડીનો ફફડાટ જોવા મળી રહ્યો છે અને ડરના માર્યા અમુક તો આપઘાત કરી રહ્યાં છે. આવી એક ઘટના બની છે. ઝારખંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કાર્યવાહી વચ્ચે એક આત્મહત્યાને તપાસ એજન્સીની નોટિસ સાથે જોડવામાં આવી રહી છે. રાંચીમાં એક લેન્ડ બિઝનેસમેને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. જણાવવામાં આવી રહ્યું છે કે જમીન કૌભાંડમાં ઈડી તરફથી નોટિસ મળ્યા બાદ મૃતક તણાવમાં હતો. ગુરુવારે સવારે તેનો મૃતદેહ ફંદાથી લટકતો મળી આવ્યો હતો. આ મામલો રાજધાની રાંચીના લાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત સિલ્વર ડેલ એપાર્ટમેન્ટનો છે. અહીં કૃષ્ણકાંત નામના જમીન ઉદ્યોગપતિએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. ફંદા પર લટક્યા બાદ પરિવારના સભ્યો ઉતાવળમાં વેપારીને ઓર્કિડ હોસ્પિટલ લઈ ગયા હતા. અહીંના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી કેસની તપાસ શરૂ કરી હતી.

## તંત્રી લેખ...

# અહંકાર એટલે ઘમંડ એવું દુષ્ટ અને નકારાત્મક ભાવ છે

અહંકાર એક એવો નકારાત્મક ભાવ છે જે મોટામાં મોટા ગુણવાન વ્યક્તિને પણ પતનના રસ્તે વાળી દે છે. અહંકાર પણ વિવિધ પ્રકારના હોય છે. કોઈને જ્ઞાનનો અહંકાર હોય છે, જે વાસ્તવમાં અજ્ઞાન જ હોય છે. કોઈને બળ કે પોતાની શક્તિનો અહંકાર હોય છે. જોકે વર્તમાનમાં ધન-સંપદા અને ભૌતિકતાના પ્રદર્શનનો અહંકાર લોકોના માથે ચડીને બોલી રહ્યો છે. વિશેષ કરીને અચાનક ધનિક થઈ ગયેલા લોકોનો વ્યવહાર તેમના દંભને ઉજાગર કરી દે છે. જ્યારે વ્યક્તિ પાસે જરૂરિયાત કરતાં વધુ ધન આવી જાય છે તો તે એમ જ વિચારવા લાગે છે કે તેની પાસે બધું જ છે. તે બીજાને પોતાના કરતાં હીન સમજવા લાગે છે. જો એ વ્યક્તિએ અનૈતિક કાર્યોથી ધન અર્જન કર્યું હોય તો તેના અહંકારી હોવાની આશંકા અને પ્રબળ થઈ જાય છે. એવા વ્યક્તિનો સર્વનાશ નિશ્ચિત થાય છે. મહર્ષિ દયાનંદે યથાર્થ જ કહ્યું કે અહંકારી મનુષ્યનું પતન નિશ્ચિત છે અને જેમાં અહંકાર ભરાઈ જાય છે તે બીજા વિશે કદાચ જ કોઈ સારી વાત કરે. જો કોઈ ધન પ્રત્યે અહંકાર કરે છે તો તેના ખરાબ દિવસોમાં કોઈ પણ તેની સહાયતા કરવાથી દૂર જ ભાગે છે. અહંકારનું એક બીજું રૂપ હોય છે, જેને યુનાની ભાષામાં ઈવ્રિસ કહે છે. યુનાની વિદ્વાન વિલિયમ બાર્કલે અનુસાર ઈવ્રિસનો મતલબ એવો અહંકાર છે, જેમાં ક્રૂરતા ભરેલી હોય છે. આ અહંકારનું એવું રૂપ છે, જેમાં લોકો બીજાને નીચા દેખાડવા માટે તેમની ભાવનાઓનું દમન કરે છે. એવું વિચારનારા લોકોમાં ક્રૂરતા આવી જ જાય છે. યાદ રહે કે ધન કે બળથી બધું જ ખરીદી શકાય છે, પરંતુ સન્માન અને ચરિત્ર નહીં. મહાત્મા ગાંધીએ પણ આ સંબંધે કહ્યું છે કે ‘એવું માનો કે જે આપણે કરીએ છીએ, તે બીજા પણ કરી શકે છે. જો આપણે એવું ન માનીએ તો અહંકારી ગણાઈશું.’ ઈતિહાસ એવા પુરાવાથી ભરેલો પડ્યો છે, જ્યાં શૂરવીરોને પણ અહંકારનું મૂલ્ય ચૂકવવું પડ્યું. અહંકાર એટલે ઘમંડ એક એવું દુષ્ટ છે, જેના કારણે આપણા બધાજ ગુણોનું મહત્ત્વ ખતમ થઈ જાય છે અને આપણને બરબાદ કરી શકે છે. આ વાત શાસ્ત્રોમાં હિરણ્યકશિપુ, રાવણ, કંસ, દુર્યોધન જેવા પાત્રો દ્વારા સમજાવવામાં આવી છે. આ બધા જ લોકો ખૂબ જ શક્તિશાળી હતા, પરંતુ તેમના અહંકારના કારણે, તેમના સમગ્ર કુળનો નાશ થયો હતો. આપણા લોક અહંકારને સમજતા જ નથી. અહંકાર શું કહેવાય? અહંકાર તો જીવમાત્રને હોય. જ્યાં દેહાધ્યાસ ત્યાં અહંકાર હોય જ. અહંકાર બધે સરખો જ હોય.

## ભય-અસુરક્ષા બોધ આધારિત જૂથબંધી-ફાસીવાદી રાજનીતિની મહત્ત્વપૂર્ણ રણનીતિ છે

વિશ્વના કોઈપણ લોકતંત્રની પરિપક્વતાનો માપદંડ તેની રાજનીતિમાં થનારી ચર્ચા પણ છે. રાજકીય ચર્ચાઓ ચૂંટણી સમયે વધુ પ્રભાવી બની જાય છે. હાલમાં મતદાનનાં ત્રણ ચરણ પૂરાં થયાં છે. ચૂંટણી પ્રચાર આગળ વધવાની સાથે જ રાજકીય વિષયો પર ચર્ચા વધુ સઘન બનશે. રાજકીય ચર્ચાઓમાં લોકતંત્રની ઝલક દેખાય છે. લોકતંત્રમાં રાજકીય ચર્ચાઓ બે પ્રકારની હોય છે. એક તો પ્રગતિગામી અને બીજી પારંપરિક અસ્મિતાઓની જૂથબંધી વધારનારી. જ્યારે સંસદીય ચૂંટણીઓનો પ્રચાર શરૂ થયો તો વિકાસ, ભવિષ્યના ભારતની સંકલ્પના, એક ભારત-શ્રેષ્ઠ ભારત તથા સમાજ કલ્યાણની નીતિઓને ભાજપે પોતાના રાજકીય વિમર્શનો વિષય બનાવ્યો. પાર્ટીનો ઢંઢેરો પણ આ જ બિંદુઓને લઈને ઘડવામાં આવ્યો. પાર્ટીએ પોતાના ચૂંટણી અભિયાનમાં ભવિષ્યની દૃષ્ટિએ ચર્ચા સર્જન કરવાની કોશિશ કરી. તેણે પારંપરિક વિભાજનકારી જાતીય અસ્મિતાઓને રાજકીય ચર્ચાઓમાં આવવાથી રોકવાની પણ કોશિશ કરી, પરંતુ આ દરમ્યાન કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષ પોતાના ચૂંટણી પ્રચારમાં આક્રમક રીતે જાતીય જૂથબંધી કરવામાં જોડાઈ ગયા હતા. તેના માટે એક તો જાતીય જનગણનાનો લોકરંજક નારો ઉછાળવામાં આવ્યો. તેની સાથે જ બંધારણ અને અનામત પર ખતરાને પ્રચારિત કરીને એક ભયનો ભાવ પેદા કરવા લાગ્યા. એવો માહોલ બનાવવામાં આવ્યો કે જો ભાજપ આ વખતે જીતી ગઈ તો પછી ભવિષ્યમાં ક્યારેય ચૂંટણી નહીં થાય, દેશમાં અધિનાયકવાદ આવી જશે, બંધારણ બદલી નાખવામાં આવશે અને અનામત ખતમ કરી દેવામાં આવશે. આ રીતે ભાજપ દ્વારા છેડવામાં આવેલી ચર્ચાનો ભય, ચિંતાની સાંકળોથી બાંધી દેવામાં આવી. ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત પોતાના અન્ય નેતાઓ તરફથી વારંવાર એ સ્પષ્ટ કર્યું કે બંધારણ અને અનામતને નહીં અડે અને કોઈને અડવા પણ નહીં દે. કોંગ્રેસને જવાબ આપવાના ક્રમમાં ભાજપે સંપત્તિના પુનર્વિતરણનો મુદ્દો ઉછાળીને તેને નિશાના પર લેવાનું પણ શરૂ કરી દીધું. બંધારણ, લોકતંત્ર અને અનામતને ખતમ કરવાને લઈને જે આરોપ-પ્રત્યારોપ શરૂ થયા, તેનાથી રાજકીય ચર્ચા ફરીને જાતીય રાજનીતિની બેડીઓમાં ગૂંચવાઈ ગઈ, કારણ કે એક અસુરક્ષા બોધ રચીને તેને રાજકીય જૂથબંધીના તત્ત્વ રૂપે વિકસિત કરી દેવામાં આવી. જો કોંગ્રેસના ચૂંટણી વિમર્શનું મૂલ્યાંકન કરીએ તો સ્પષ્ટ થશે કે તે એક અજાણ્યા અને આધારહીન ભય રચીને ‘ભયભીત સામાજિક માનસ’ રચવા માગે છે અને પછી એ માનસને પોતાના પક્ષમાં જૂથબંધ કરવા માગે છે. આ ભય આજે મધ્યમ વર્ગ, દલિત અને અલ્પસંખ્યક સમુદાયમાં ફેલાવાઈ રહ્યો છે. આ ભય જ ચિંતામાં બદલાય છે અને અસુરક્ષા બોધ પર આધારિત જૂથબંધીનું સ્વરૂપ ગ્રહણ કરી લે છે. આ પ્રક્રિયામાં પોતાના વિરોધીને જનતાંત્રિક મૂલ્યો માટે ખતરો અને ખુદને તેના રક્ષક ગણાવીને સમર્થન પેદા કરવામાં આવે છે. જોકે અસુરક્ષા બોધ પર આધારિત આ રાજનીતિ ભારતીય જનતા માટે નવી નથી. અનેક રાજકીય પક્ષો સમયે સમયે તેનો ઉપયોગ કરતા રહ્યા છે. કોંગ્રેસ પર સેક્યુલરવાદના આવરણ અંતર્ગત અસુરક્ષા બોધ પર આધારિત અલ્પસંખ્યક મતોની જૂથબંધીનો આરોપ લાગતો જ રહે છે. ભય અને અસુરક્ષા બોધ આધારિત જૂથબંધી ફાસીવાદી રાજનીતિની મહત્ત્વપૂર્ણ રણનીતિ માનવામાં આવે છે. એ સમજવું મુશ્કેલ છે કે કઈ પરિસ્થિતિને કારણે કોંગ્રેસ ભયાદોહનની રાજનીતિમાં ફસાતી જાય છે. બંધારણ ખતરો પ્રચારિત કરવાની રાજનીતિ મધ્યમ વર્ગ અને દલિત-પછાતોમાં એ ભય પેદા કરવા માટે કરાઈ રહે છે કે તેનાથી તમારા અનેક અધિકાર છીનવાઈ જશે. દલિત અને પછાત સામાજિક સમૂહોમાં એક ભય મિશ્રિત દીર્ઘકાલીન ચિંતા પણ ફેલાવવામાં આવી રહી છે કે તેનાથી તમારી અનામત છીનવી લેવામાં આવશે. આ એ પદ્ઘતિ છે જે અલ્પસંખ્યકોમાં અસ્મિતાપરક ભય રચીને તેમનામાં ચૂંટણીલક્ષી જૂથબંધી માટે ઉપયોગ કરવામાં આવતી હતી.

**અખાત્રીજ ઉજવવાના શાસ્ત્રોમાં ત્રણ-ચાર કારણ બતાવાયા છે, અક્ષય તૃતીયાને પરશુરામ જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે.**


# માનસ નામના પાત્રમાં માનવતાનો ક્યારેય ક્ષય ન થાય! એવાં ભાવ સાથે આપણે અક્ષય તૃતીયા ઉજવીશું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વસ્તુ પદાર્થની રીતે તો હજી પણ સમયની માંગ તરીકે સ્વીકારી શકાય, એટલે કે ૨ જોડ કપડાંની જરૂર હોય, અને ૨૨ જોડ કપડાં કબાટમાં હોય છે! પણ માનસમાં જેનો ખરેખર ક્ષય થવો જોઈએ! એવાં ભાવ આપણે જીંદગીભર અક્ષય રાખીએ છીએ!**

આજે અક્ષય તૃતીયાનો તહેવાર છે, વૈશાખ મહિનાની ત્રીજને અક્ષય તૃતીયા કહેવામાં આવે છે, અને એને અખાત્રીજ પણ કહેવાય છે. આમ તો સૌ કોઈ ઈશ્વરને પોતાના સુખ એટલે કે ભોગ વિલાસના સાધનોનો ક્યારેય ક્ષય ન થાય એવું જ ઈશ્વર પાસે માંગતા હોય છે!: પણ હકીકતમાં આજના સાંપ્રત સમયમાં જે રીતે માનવતાના મૂલ્યોનું ધોવાણ થતું જોવા મળે છે, એ રીતે વિચારીએ તો આ અક્ષય તૃતીયાએ આપણે સૌએ આપણા આ માનવતાના ભાવમાં ક્યારેય ક્ષય ન આવે એવી ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ! મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણએ પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં જતા હતા ત્યારે દ્રૌપદીને અક્ષય પાત્ર આપ્યું હતું. પરંતુ તે છતાંય ન દ્રૌપદીએ કે પાંડવોએ અક્ષય પાત્રનો દુરુપયોગ કર્યો નહીં! આ વાત કાળની સચ્ચાઈ છે, એટલે કે આજે જો કોઈ પાસે એવું પાત્ર હોય તો, એ માત્ર તેનો જીવન નિર્વાહ પૂરતો ઉપયોગ ન કરે, એ એક સીધીસાદી અને સ્વીકારી શકાય એવી વાત છે. આજે આપણે જરૂરિયાતને નામે પણ એટલું બધું ઈચ્છતા થઈ ગયા છીએ, કે ખરેખર જેની જરૂર નથી, એનો પણ સંગ્રહ થતો જાય છે. વસ્તુ પદાર્થની રીતે તો હજી પણ સમયની માંગ તરીકે સ્વીકારી શકાય, એટલે કે ૨ જોડ કપડાંની જરૂર હોય, અને ૨૨ જોડ કપડાં કબાટમાં હોય છે! પણ માનસમાં જેનો ખરેખર ક્ષય થવો જોઈએ! એવાં ભાવ આપણે જીંદગીભર અક્ષય રાખીએ છીએ! અને જ્યાં સુધી એ ભાવનો ક્ષય નહીં થાય, ત્યાં સુધી આપણે સદભાવનાનું મુલ્ય જાણી શકીએ નહીં! તો ક્ષય કોનો થવો જોઈએ અને કોનો ન થવો જોઈએ! એ તફાવત પર આપણું ધ્યાન કેન્દ્રિત નહીં થાય, ત્યાં સુધી આવી કેટલીય અક્ષય તૃતીયાની ઉજવણી કરીશું, તોય અંતે તો આપણું પાત્ર ખાલી જ રહેશે!: અથવા તો જેની બિલકુલ જરૂર નથી એવાં ભાવથી ભરાયેલું રહેશે. અખાત્રીજ ઉજવવાના શાસ્ત્રોમાં ત્રણ-ચાર કારણ બતાવાયા છે. અક્ષય તૃતીયાને પરશુરામ જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. પૂરેપૂરો વૈશાખ મહિનો વિષ્ણુની આરાધનાનો મહિનો છે. નારાયણ સ્વરૂપની ઉત્પત્તિ આ માસ દરમિયાન થઈ હતી. શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ ત્રેતા યુગની શરૂઆત પણ આ દિવસથી થઈ હતી. શાસ્ત્રના કહેવા અનુસાર સતયુગની સ્થાપના પણ આ દિવસથી થઈ હતી. ચૈત્ર માસને આપણે ત્યાં પિતૃનો માસ તરીકે માનવામાં આવે છે, અને એ દિવસોમાં શુભ કાર્ય એટલે કે લગ્ન વાસ્તુ જેવા કાર્યો કરાતા નથી ત્યારે અખાત્રીજથી વૈશાખી લગ્નનો પ્રારંભ થાય છે. અને જે કોઈના ગ્રહ-નક્ષત્ર મુજબ જન્માક્ષરનો મેળ ન પડતો હોય એ યુવક-યુવતીના આ દિવસે લગ્ન કરાવવાથી નક્ષત્ર દોષ સમાપ્ત થાય છે. હિન્દુ પ્રજા તહેવાર અને ઉત્સવ પ્રિય છે એટલે કયા તહેવાર એ શું કરવું તેની આખી રૂપરેખા આપણે ત્યાં આપણા ઋષિઓએ નક્કી કરેલી છે. અક્ષયતૃતીયાને દિવસે દાન ધર્મનો ખૂબ જ મહિમા છે, આપણી પ્રણાલીમાં દાનને આ રીતે જોડી દેવામાં આવે છે, જેથી અસમાનતાનો ગ્રાફ થોડો ઘણો સમ થઈ શકે. સાધન સંપન્ન લોકો સોના જેવી પવિત્ર ધાતુની ખરીદી પણ આ દિવસે કરે છે. તો આરાધનામાં સફેદ કલરના સાધનથી વિષ્ણુની પૂજા થાય છે,લાલ રંગના પુષ્પથી લક્ષ્મીની પૂજા થાય છે, અને આ ઉપરાંત કુબેરની પણ સ્થાપન કરી, તેની પણ પૂજા કરવામાં આવે છે. વિષ્ણુને પ્રસાદ તરીકે સફેદ વસ્તુનો ભોગ ધરવામાં આવે છે, આ થઈ તેની વૈદિક પરંપરા. અક્ષયનો સીધો સાદો અર્થ કરીએ તો જેનો ક્યારેય ક્ષય નથી એટલે કે ચિરંજીવી છે, અને તેથી જ આ તિથીને ચિરંજીવી તિથિ પણ કહેવામાં આવે છે, અને આઠ ચિરંજીવી પૈકીનાં એક એવાં ભગવાન પરશુરામ જન્મજયંતિ પણ છે. આ દિવસે દાન ધર્મનો એટલાં માટે મહત્વ છે કે, આ દિવસે કરાયેલું દાન એ અતિ ઉત્તમ સાબિત થાય છે, અને તેનું પુણ્ય ક્યારેય ક્ષય થતું નથી. એટલે કે પાપ પુણ્યનું સરવૈયું નીકળે ત્યારે આ પુણ્ય એમનેમ રહે છે, અને જન્મો જન્મ સાથે ચાલે છે, એટલે આપણે ત્યાં આ દિવસે દાન કરવાનો મહિમા છે. આ દિવસે ગંગા સ્નાનનો પણ મહિમા છે, પરંતુ સાંપ્રત સમયમાં એ શક્ય નથી માટે, ગંગામાં સ્નાન કરતાં હોય એ રીતે સ્નાન કરીને તન મન પવિત્ર કરી આ વ્રતની ઉપાસના કરવી. પાપ-પુણ્યની કદાચ જીવની માનસિકતા નથી, પરંતુ દાન ચોક્કસ થવું જોઈએ, અને એ ભાવમાં ક્યારેક ક્ષય ન આવે એ માટે થઈને આપણે અક્ષય તૃતીયા એ પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. ભાવનગર વાસીઓ માટે તો અક્ષય તૃતીયાને દિવસે બેવડા આનંદની વાત છે. એટલે કે આજે ભાવનગરનો જન્મદિવસ છે. પોતાનું વતન તો સૌ કોઈને પ્યારું હોય જ, પરંતુ ભાવનગરની ઘણી બધી વિશેષતાઓ છે, અને કલા તથા વિદ્યાનું ધામ પણ કહેવાય છે, વિધવિધ કલાને અહીં રાજા મહારાજાઓના વખતથી માન સન્માન આપવામાં આવતું, એ પ્રથા હજી ભાવનગર વાસીઓ એ જાળવી રાખી છે. પરંતુ ભાવને જ્યાં પ્રાધાન્ય આપવામાં આવે છે, એવી નગરી એટલે કે ભાવનગર, એવું ચોક્કસ કહી શકાય. દરેક જગ્યાએ સમાજમાં વિકૃતિ હોય છે, એમ અહીં પણ હશે. પરંતુ અપવાદ ક્યારેય સિદ્ધાંત ન બની શકે, એટલે એક સામાન્ય સર્વેક્ષણ મુજબ ભાવનગરની લાગણીશીલ પ્રજા કહી શકાય. સુવર્ણને આપણે ત્યાં શુદ્ધ અને પવિત્ર ધાતુ માનવામાં આવી છે, અને તેના ચળકાટ જેવું આપણું ચરિત્ર બને, એ માટે થઈને સુવર્ણની આપણે ત્યાં આ દિવસે તેની ખરીદીનો વિશેષ મહિમા ગવાયો છે, પણ હવે તો અક્ષય તૃતીયા એ જાણે સોનું ખરીદવું એ જ તહેવારનું મહાત્મ્ય હોય એમ બધાં દાન ધર્મ ભૂલી સોનું ખરીદે છે. આ ઉપરાંત ધન ઐશ્વર્યને કુબેરના ખજાના સાથે પણ સરખાવ્યું છે, તો વિષ્ણુ લક્ષ્મી ઉપરાંત આ દિવસે કુબેરની પણ સ્થાપના કરીને પૂજા કરવામાં આવે છે. એટલે સાધન સંપન્ન લોકો સોનાની ખરીદી કરતા હોય છે. પરંતુ સોનુ ખરીદવા જેટલી દરેકની હેસિયત ન હોય, તો તેમણે લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે દાનનો હાથવગો ઉપાય અજમાવવો જોઈએ, લક્ષ્મીનો નિયમ છે કે, તેનો વિનિમય થતો હોય, એટલે કે તેનો ઉપયોગ થતો હોય, આવનજાવન થતી હોય, એના ઘરમાં તે નિવાસ કરે છે. લક્ષ્મીજીની પાછળ વિષ્ણુ અને કુબેર પણ આવે છે. સદગુરુ ક્યારેય કૃપા વરસાવવામાં ચૂક ન કરે,અને એવી પાત્રતા જીવ ની બની રહે! જેથી અક્ષય તૃતિયા એ સત્ય પ્રેમ અને કરુણા ના ક્યારેય ક્ષય ન પામે તેવાં ભાવને પ્રાપ્ત કરવાની જીવ કોશિશ કરે, અને સુવર્ણ જેવું ચમકતું ચરિત્ર બનાવી, ચરિત્રની રીતે ભગવાન પરશુરામની જેમ ચિરંજીવ બને. સમય છડી પોકારી રહ્યો છે કે, સતયુગ આવી રહ્યો છે!! સતયુગ આવી રહ્યો છે!! આકાશમાંથી પણ એવા જ ભાવ વધારનાર શબ્દની વૃષ્ટિ થઈ રહી છે, તો એ વાણી સાંભળી અને એ સત્ય સિદ્ધ કરવા સંકલિત થઈએ. સમગ્ર વિશ્વ આજે આ શુદ્ધ ભાવમાં જીવે,અને એના આવા શુદ્ધ ભાવમાં ક્યારેય ક્ષય થાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વરને પ્રાર્થના કરીએ. જય સીયારામ.




**વૈશાખ શુકલ ત્રીજ મંગલ અને અક્ષય ફળ આપનાર હોવાથી આ દિવસને અક્ષય તૃતીયા અથવા “અખાત્રીજ” કહે છે.**

# આજે વૈશાખ સુદ ત્રીજ એટલે ગંગા મૈયાનો પૃથ્વીલોક પર અવતરણ દિન.. પરશુરામ જન્મોત્સવ..અખાત્રીજ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આ દિવસે ત્રેતાયુગમાં ઋષિ જમદગ્નિ અને માતા રેણુકાને ત્યાં પરશુ ધારણ કરનાર અને ભગવાન વિષ્ણુનો ષષ્ઠમ અવતાર ગણાતા ભગવાન પરશુરામનો પ્રાદુર્ભાવ થયો હોવાથી આ દિવસને પરશુરામ જયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.**

આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. આજે વૈશાખ સુદ ત્રીજ એટલે અખાત્રીજ. એ રીતે કૃષિ ક્ષેત્રે પણ અખાત્રીજ નું આગવું મહત્વ છે. હિન્દુ પંચાગ મુજબ ચૈત્ર માસથી વર્ષની શરૂઆત થાય છે એટલે વર્ષના બીજા મહિનાની વૈશાખ શુક્લ પક્ષની તૃતીયા તિથિ અક્ષય તૃતીયા કહેવાય છે. આ તિથિના રોજ કરવામાં આવેલ દાન-ધર્મનો અક્ષય મતલબ નાશ ન થનારુ ફળ અને પુણ્ય મળે છે. તેથી આ સનાતન ધર્મમાં દાન ધર્મનો અચૂક કાળ માનવામાં આવે છે. તેને ચિરંજીવી તિથિ પણ કહેવામાં આવે છે. કારણ કે આ તિથિ આઠ ચિરંજીવીયોમાં એક ભગવાન પરશુરામની જન્મ તિથિ પણ છે. હિન્દુ ધર્મ માન્યતા ઓમાં કોઈપણ શુભ કામ માટે વર્ષના સ્વયં સિદ્ધ મુહુર્તોમાં અખા ત્રીજ પણ એક છે. અખાત્રીજનો મહીમા કાંઈ આજ કાલનો નથી. ત્રેતાયુગના સમયથી તેનું મહત્વ છે. આ તિથિ નું મહત્વ શા માટે છે તે સમજવા આપણે થોડા પૌરાણિક કાળમાં જવું પડશે. વૈશાખ શુક્લ ત્રીજ મંગલ અને અક્ષય ફળ આપનાર હોવાથી આ દિવસને અક્ષય તૃતીયા અથવા “અખાત્રીજ” કહે છે. આ દિવસે ત્રેતાયુગમાં ઋષિ જમદગ્નિ અને માતા રેણુકાને ત્યાં પરશુ ધારણ કરનાર અને ભગવાન વિષ્ણુનો ષષ્ઠમ અવતાર ગણાતા ભગવાન પરશુરામનો પ્રાદુર્ભાવ થયો હોવાથી આ દિવસને પરશુરામ જયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. સદાય ચિરંતન મનાતા રામભક્ત હનુમાનજી. દ્રોણ પુત્ર અશ્વસ્થામા, મહર્ષિ વેદવ્યાસ. વિભીષણ. કૃપાચાર્ય. અને માર્કંડેય ઋષિની સાથે ભગવાન પરશુરામનું નામ પણ જોડાયેલું છે. અખાત્રીજના દિવસથી સમસ્ત માંગલિક કાર્યોની શરૂઆત થાય છે. જ્યોતિષ શાસ્ત્રની દ્રષ્ટિએ ચંદ્રમાં અને નક્ષત્રોની ગતિ મુજબ તિથી ઓ બને છે.જેમ જેમ ચંદ્રની કળા માં વધઘટ થાય તે જ રીતે તિથિ ઓમાં પણ વધઘટ થાય છે. પરંતુ વૈશાખ તૃતીયાનો દિવસ જ એક માત્ર વર્ષભરનો એક એવો દિવસ છે જેમાં કોઈ જ વધઘટ થતી નથી. તેથી આ દિવસને અક્ષય તૃતીયાને નામે ઓળખવા માં આવે છે. જયારે કવિઓનાં મતે વીતી રહેલ વસંતઋતુ અને વૈશાખ માસ ની આવતી ગ્રીષ્મ સંધ્યાકાળનો સમય તે અક્ષત તૃતીયા તરીકે ઓળખાય છે.અક્ષય તૃતીયાનો ઉલ્લેખ અને મહિમા વિષ્ણુ પુરાણ, નારદ પુરાણ, ભવિષ્ય પુરાણ, તૈત્તરીય ઉપનિષદ વગેરે વિવિધ અ શાસ્ત્રોએ ગાયેલો છે. એક માન્યતા અનુસાર આ દિવસ થી કળિયુગનો પ્રારંભ થયો હતો. આ દિવસથી ઋતુ પરિવર્તન થાય છે તેથી આ દિવસથી ખેડૂતો ખેતી નો પ્રારંભ કરે છે.આ દિવસે ખેડૂતો પોતાના શસ્ત્રો અને પોતાના પશુ ઓનું પૂજન કરે છે. સાથે સાથે ખેતીવાડી સારા થાય પછી નવા અન્નની પૂજા પણ કરે છે. જેથી કરીને ઉન્નત અને ઉત્કર્ષ ભાવના પ્રકટ થાય છે. આપણાં સનાતન ધર્મમાં, પંચાંગ માં આખા વરસમાં સાડા ત્રણ દિવસ અગત્યનાં હોય છે. એક વસંત પંચમી,બીજો અખાત્રીજ નો,ત્રીજો અષાઢી બીજ અને અડધો દિવસ દશેરાનો. આમ વગર પૂછયે સારાં કામો, અટકેલાં કામો કે નવા શુભારંભ આ સાડા ત્રણ દિવસો માં મૂર્હત જોયા વગર કરી શકાય છે. આજે આપણે અખાત્રીજનાં દિવસનું મહત્વ કેમ છે એ વિશે જાણવા પ્રયત્ન કરીએ. વૈશાખ સુદ ત્રીજને અક્ષય તૃતીયા અખાત્રીજ કહેવાય છે. અક્ષય એટલે અતૂટ કદી ભાંગે નહીં અને અહીં કદી ખૂટે નહીં ક્ષય ન થાય એવું પણ કહેવાય. માટે આ દિવસ નાં જે કાર્ય થાય એ -અતૂટ રહે છે. દાન ધર્મ કે સુકર્મનું આ દિવસે અધિક ફળ મળે છે. આ દિવસે વિષ્ણુ ખાસ ભગવાન ના છઠ્ઠા અવતારરુપે શ્રી પરશુરામ ભગવાને ધરતી પર જન્મ લીધેલો. માતા રેણુકા અને પિતા જમદગ્નિનાં સંતાન હતાં. બ્રાહ્મણ કુળમાં જન્મેલા તેથી બ્રાહ્મણો એમને પૂજે છે.જય પરશુરામ સેના બનાવી જયજય કાર કરે છે. અક્ષય તૃતીયા-અખાત્રીજ સાથે નાની ઘણી વાતો જોડાયેલી છે. આ દિવસે ધરતી પર મા ગંગાનું અવતરણ થયું હતું તેથી ગંગા નદીનો અવતરણ દિન પણ કહેવાય છે જે ત્રેતાયુગમાં થયું હતું. આ દિવસે ગંગા સ્નાન કરી પાપ મુક્ત થવાય છે. અંત સમયે માનવીના મુખમાં ગંગાજળ આપવાથી મોક્ષ ગતિ થાય છે. શાસ્ત્રો મુજબ વૈશાખ મહિનો વિષ્ણુ ભક્તિનો શુભ કાળ છે. પૌરાણિક માન્યતાઓ મુજબ આ મહિનાની અક્ષય તૃતીયને જ ભગવાન વિષ્ણુના નર-નારાયણ, હયગ્રીવ અને પરશુરામ અવતાર થયા હતાં. તેથી આ દિવસે પરશુરામ જયંતી નર-નારાયણ જયંતી પણ ઉજવાય છે. ત્રેતાયુગ ની શરૂઆત પણ આ શુભ તિથિ ના રોજથી થઈ હોવાનું માનવામાં આવે છે. આ દિવસે માતા લક્ષ્મી ની પૂજા પણ પુણ્યદાયી અને મહામંગળકારી માનવામાં આવે છે. આ શુભ તિથિ પર કરવામાં આવેલ દાન અને તેના ફળનો નાશ થતો નથી. આ દિવસે કરીને જવ, ઘઉં, ચણા, સત્તુ, દહી-ભાત, શેરડી નો રસ, દૂધથી બનેલ વસ્તુઓ જેવી કે, માવા મીઠાઈ વગેરે, સોનુ અને પાણીથી ભરેલ કળશ, અનાજ બધા પ્રકારના રસ અને ગરમીની ઋતુમાં ઉપયોગી બધી વસ્તુઓના દાનનું મહત્વ છે. પિતૃઓનું શ્રાદ્ધ અને બ્રહ્મભોજન કરાવવાથી પણ અનંત ફળ મળે છે. હિન્દુ ધર્મગ્રંથોમાં અખાત્રીજના શુભ મુહૂર્ત બતાવ્યુ છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ આ તિથિ પર સૂર્ય અને ચંદ્ર પોતાની ઉચ્ચ રાશિમાં હોય છે. આમ વગર પૂછયે સારાં કામો, અટકેલાં કામો કે નવા શુભારંભ આ સાડા ત્રણ દિવસો માં મૂર્હત જોયા વગર કરી શકાય છે. આજે આપણે અખાત્રીજનાં દિવસનું મહત્વ કેમ છે એ વિશે જાણવા પ્રયત્ન કરીએ. વૈશાખ સુદ ત્રીજને અક્ષય તૃતીયા અખાત્રીજ કહેવાય છે. તેથી આ દિવસે લગ્ન, વેપારની શરૂઆત અને ગૃહ પ્રવેશ કરવા જેવા માંગલિક કામ ખૂબ શુભ સાબિત થાય છે. લગ્ન માટે જે લોકોના ગ્રહ-નક્ષત્રોનું મિલન નથી થતુ કે મુહૂર્ત નથી નીકળી શકતું. તેમને આ શુભ તિથિ પર દોષ નથી લાગતો અને નિર્વિઘ્ન વિવાહ કરી શકે છે. વાચક ચાહક મિત્રો સૌને પરશુરામ જનમોત્સવ ગંગામૈયા અવતરણદિન અખા ત્રીજની ખુબ ખૂબ શુભકામના કૃષિ વેપાર સહિત સર્વ ક્ષેત્રમાં સદા સર્વશ્રેષ્ઠ નિવડે..




# મેં ક્યારેય વિચાર્યું પણ ન હતું કે મને મારા અવાજ માટે પ્રેમ મળશે




**'ધ ફેમિલી મેન' અને 'લક્ષ્મી' જેવા પ્રોજેક્ટ્સમાં તેમના કામ માટે પ્રશંસા મેળવતા પહેલા, શરદ કેલકરે પ્રથમ ફિલ્મ 'બાહુબલી' દ્વારા લોકપ્રિયતા મેળવી હતી**

'ધ ફેમિલી મેન' અને 'લક્ષ્મી' જેવા પ્રોજેક્ટ્સમાં તેમના કામ માટે પ્રશંસા મેળવતા પહેલા, શરદ કેલકરે પ્રથમ ફિલ્મ 'બાહુબલી' દ્વારા લોકપ્રિયતા મેળવી હતી. એસ. એસ. રાજામૌલીની ફિલ્મમાં પ્રભાસનું હિન્દી ડબિંગ કરનાર શરદ કેલકરને લોકો 'બાહુબલીનો અવાજ' તરીકે ઓળખવા લાગ્યા. હવે 'બાહુબલી'ની વાર્તા ડિઝની પ્લસ હોટસ્ટારના નવા શો 'બાહુબલીઃ ક્રાઉન ઓફ બ્લડ' સાથે આગળ વધવા જઈ રહી છે. શરદે આ એનિમેટેડ શોમાં બાહુબલીના પાત્ર માટે ડબિંગ પણ કર્યું છે. મંગળવારે આ શો સાથે જોડાયેલા એક ઈન્ટરવ્યુમાં શરદે કહ્યું હતું કે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે તેનો અવાજ આટલો પસંદ આવશે. હિન્દુસ્તાન ટાઈમ્સના એક અહેવાલ મુજબ, હૈદરાબાદમાં 'બાહુબલીઃ ક્રાઉન ઓફ બ્લડ'ની ઈવેન્ટમાં શરદે ખૂબ જ નર્વસ થઈને વાત કરવાનું શરૂ કર્યું હતું. તેણે કહ્યું, 'હું નર્વસ છું કારણ કે હું પહેલીવાર રાજામૌલી સર સાથે સ્ટેજ શેર કરી રહ્યો છું.' શરદે આગળ કહ્યું, 'બાહુબલીનો અવાજ બનાવવા માટે મારે તેમનો આભાર માનવો જોઈએ. આ ફિલ્મો શરૂ થયા પછી મારું જીવન બદલાઈ ગયું. એક નાનકડા શહેરમાં એક હડધૂત છોકરો બનવાથી લઈને 'બાહુબલી'નો અવાજ બનવા સુધીની આ સફર ખૂબ જ અદ્ભુત રહી છે. શરદે કહ્યું કે જ્યારે તે એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે તેના જીવનમાં એવો સ્ટેજ આવશે જ્યારે લોકો તેના અવાજને આટલો પ્રેમ કરશે. શરદે આગળ કહ્યું, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મારા અવાજને આટલો પ્રેમ મળશે, મેં ફિલ્મમાં પણ કામ કર્યું ન હતું. તેથી જ્યારે તેઓએ મને 'ક્રાઉન ઓફ બ્લડ' માટે ફરીથી બોલાવ્યો ત્યારે મને વિશ્વાસ હતો. ઘર વાપસી જેવું લાગ્યું. હકીકતમાં, માત્ર હું જ નહીં, હિન્દી (બાહુબલી) ફિલ્મો માટે ડબિંગ કરનારા તમામ કલાકારોએ પણ આ સિરીઝ માટે પોતાનો અવાજ આપ્યો છે શરદ કેલકરે વધુમાં જણાવ્યું કે, આ શો માટે ડબિંગ કરવામાં તેને છેલ્લી વખત કરતાં વધુ મુશ્કેલ લાગ્યું.



# 'હીરામંડી' ફિલ્મના સેટ પર સંજય લીલા ભણસાલી આ વાતને લઈને થતા હતા ગુસ્સે

ફેમસ ફિલ્મમેકર સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી' નેટફિલક્સ પર રિલીઝ થઈ ગઈ છે. આ વેબ સિરીઝને લોકોને અઢળક પ્રેમ મળી રહ્યો છે. આ વેબ સિરીઝ હાલમાં ટ્રેન્ડ કરી રહી છે. 'હીરામંડી'ની હિરોઈન તેમજ સ્ટારાકાસ્ટ ચર્ચામાં રહે છે. હાલમાં ફરદીન ખાને સંજય લીલા ભણસાલી સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો અને એ વાત જણાવી કે સેટ પર ડાયરેક્ટરનો ગુસ્સો અને પછી બીજી અનેક વાતથી પરેશાન થતા હતા





અને એમને શાંત કરવામાં આવતા હતા. જો કે આ વાતની ચારેબાજુ ચર્ચાઓ ચાલી રહી છે. સંજય લીલા ભણસાલી એમના ગુસ્સાના મિજાજ માટે જાણીતા છે. સેટ પર શૂટિંગ દરમિયાન સંજય લીલા ભણસાલીનું ગમતુ કામ ના થાય તો એક્ટર તેમજ એક્ટ્રેસ પર ગુસ્સો થઈ જાય છે. સિરીઝમાં મોહમ્મદની ભૂમિકા નિભાવતા ફરદીન ખાને એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું કે હિરામંડીના શૂટિંગ દરમિયાન સંજય લીલા ભણસાલીને શાંત કરવા માટે શું કરવુ પડતુ હતુ.આઈએમડીબીની સાથે વાતચીત દરમિયાન ફરદીન ખાને કહ્યું કે જ્યારે સંજય લીલા ભણસાલી સેટ પર પરેશાન હતા ત્યારે પછી તેઓ જે ઈચ્છતા હોય એ એમને ના મળવાને કારણે ગુસ્સે થઈ જાય અને શાંત કરવા માટે આસિસ્ટેન્ટ ડાયરેક્ટર્સ એમના ૨૫ પાલતુ કુતરાઓને હીરામંડીના સેટ પર મોકલતા હતા. એમના પેટ ડોગ્સની સાથે થોડો સમય સ્પેન્ડ કર્યા પછી અચાનક એમનો વ્યવહાર બદલાઈ જતો હતો અને થોડીવારમાં તેઓ શાંત થઈ જતા હતા. આમ, અદિતિ રાવ હૈદરીએ જણાવ્યું કે સંજય લીલા ભણસાલીના ફેવરેટ પેટ ડોગનું નામ જાનુ છે.


## મેટ ગાલા છોડીને પતિ રણવીર સિંહ સાથે

# બેબીમૂન સેલિબ્રેટ કરતી દેખાઈ દીપિકા

બોલિવુડની ફેમસ અભિનેત્રી દીપિકા પાદુકોણ હાલમાં પોતાના સુંદર દિવસોને એન્જોય કરી રહી છે. તે પ્રેગ્નેટ છે, સપ્ટેમ્બર મહિનામાં પોતાના પહેલા બાળકને જન્મ આપશે. જેમ-જેમ સમય પસાર થઈ રહ્યો છે દીપિકા ગ્લેમર્સ દુનિયાથી દુર થઈ રહી છે. આ વર્ષ તો તેમણે દુનિયાની ફેશન ઈવેન્ટ મેટ ગાલા પણ સ્કિપ કરી દીધી છે. હાલમાં તે બેબીમૂન એન્જોય કરી રહી છે. તે વેકેશન મનાવી રહી છે પરંતુ આ વચ્ચે દીપિકા પાદુકોણનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે જેમાં પહેલી વખત તેમનું બેબી બમ્પ સ્પષ્ટ જોવા મળ્યું હતુ. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહના આ ફોટોમાં કોઈ શિપની સીડી પરથી નીચે ઉતરી રહ્યું છે, કોઈ દીપિકાની આગળ છે અને



તેનું બેબી બમ્પ સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. દીપિકાની પાછળ સફેદ કપડાંમાં રણવીર સિંહ જોવા મળી રહ્યો છે. પ્રેગ્નસીના કારણે દીપિકા પાદુકોણ આ વર્ષે મેટ ગાલાનો ભાગ બની ગઈ છે. તેમણે વર્ષ ૨૦૧૭માં આ ફેશન ઈવેન્ટમાં ડેબ્યુ કર્યુ હતુ. ૨૦૧૮ અને ૨૦૧૯માં પણ જોવા મળી હતી. દીપિકા પાદુકોણની જેમ આ વર્ષે પ્રિયંકા ચોપરા પણ આ ઈવેન્ટમાં જોવા મળી નથી. આલિયા ભટ્ટે સાડી પહેરી ભારતીય સંસ્કૃતિ ઉજાગર કરી છે. આ પહેલા પણ તેના કેટલાક ફોટો પણ વાયરલ થઈ રહ્યા છે. જે રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેનના સેટના છે. આ ફોટોમાં અભિનેત્રી બેબી બમ્પ સાથે જોવા મળી હતી. જેને જોયા બાદ ચાહકો ખુબ ખુશ થયા હતા.રોહિત શેટ્ટીની ડાયરેક્ટેડ ફિલ્મ સિંઘમ અગેનમાં દીપિકા લેડી સિંઘમના રુપ માં જોવા મળશે.



# સલમાનની 'સિકંદર'માં ધૂમ મચાવશે આ એક્ટ્રેસ

રણબીર કપૂરની ફિલ્મ એનિમલમાં ધૂમ મચાવનાર અભિનેત્રી રશ્મિકા મંદન્ના વિશે એક સમાચાર સામે આવ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તેણે સલમાન ખાન સાથે હાથ મિલાવ્યા છે. ભાઈજાનની ફિલ્મ સિકંદરમાં તેણે શાનદાર એન્ટ્રી કરી છે. બોલિવૂડ સુપ રસ્ટાર સલમાન ખાન આ દિવસોમાં ચર્ચામાં છે. હાલમાં જ કેટલાક લોકોએ સલમાન ખાનના ઘરની બહાર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ પછી, પોલીસે ખૂબ જ ઓછા સમયમાં તે હુમલાખોરોને પકડી લીધા. પોલીસ હજુ પણ આ મામલે તપાસ કરી રહી છે. ઈદના અવસર પર બોલિવૂડના ભાઈજાને ચાહકોને ભેટ આપી છે. સલમાન ખાને તેની આગામી ફિલ્મ સિકંદર વિશે માહિતી આપી હતી. દરમિયાન, સલમાન ખાનની આગામી ફિલ્મ સિકંદરને લઈને એક અપડેટ સામે આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે રણબીર કપૂરની આ એક્ટ્રેસે આ ફિલ્મમાં એન્ટ્રી કરી છે. મનોરંજન સમાચારઃ વિશ્વના સૌથી હેન્ડસમ એક્ટર રણબીર





કપૂરની ફિલ્મ એનિમલ તાજેતરમાં રિલીઝ થઈ હતી, જેને લોકોએ દિલથી પ્રેમ કર્યો હતો. આ ફિલ્મમાં રશ્મિકા મંદન્ના લીડ એક્ટ્રેસ તરીકે જોવા મળી હતી. હવે સમાચાર છે કે રશ્મિકા મંદન્ના સલમાન ખાનની ફિલ્મ સિકંદરમાં જોવા મળશે. તમને જણાવી દઈએ કે બોલિવૂડથી લઈને સાઉથ સુધી પોતાની અલગ ઓળખ બનાવનાર અભિનેત્રી રશ્મિકા મંદન્ના ટૂંક સમયમાં અલ્લુ અર્જુન સાથે પુષ્પા ૨માં જોવા મળશે. આ ફિલ્મને લઈને સારી એવી ચર્ચા ચાલી રહી છે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે મોટા પડદા પર રિલીઝ થશે. એ વાત જાણીતી છે કે લોકોએ રશ્મિકા મંદન્નાને નેશનલ ક્રશનું ટેગ આપ્યું છે. રશ્મિકા મંડન્ના સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને ઘણીવાર તેના ફેન્સને તેના ફોટા અને વીડિયો શેર કરીને વિઝ્યુઅલ ટ્રીટ આપે છે. જેમને લોકોએ દિલથી પ્રેમ આપ્યો હતો. આ ફિલ્મમાં રશ્મિકા મંદન્ના લીડ એક્ટ્રેસ તરીકે જોવા મળી હતી. હવે સમાચાર છે કે રશ્મિકા મંદન્ના સલમાન ખાનની ફિલ્મ સિકંદરમાં જોવા મળશે. આ વાતની જાણકારી ખુદ અભિનેત્રીએ પોતાના સોશિયલ મીડિયા પર આપી છે. રશ્મિકા મંડન્નાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું કે આ ફિલ્મનો ભાગ બન્યા બાદ તે ખૂબ જ સારું અનુભવી રહી છે. સલમાન ખાને શરૂ કર્યું 'સિકંદર'નું શૂટિંગ, ફાયરિંગ કેસની તપાસ વચ્ચે સેટ પરથી પહેલી તસવીર સામે આવી!



# 'ક્યા કૂલ હૈ હમ'ના નિર્દેશક સંગીત સિવાનનું નિધન થયું છે



હિન્દી અને મલયાલમ ફિલ્મો બનાવનાર દિગ્દર્શક સંગીત સિવાનનું નિધન થયું છે. સંગીત સિવને પોતાના કરિયરમાં ઘણી સારી ફિલ્મો કરી હતી. તેમાં તુષાર કપૂરની 'ક્યા કૂલ હૈ હમ' અને રિતેશ દેશમુખની 'અપના સપના મની મની' સામેલ હતી. ડાયરેક્ટરના નિધન બાદ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર છે. હિન્દી અને મલયાલમ ફિલ્મો બનાવનાર દિગ્દર્શક સંગીત સિવાનનું નિધન થયું છે. સંગીત સિવને પોતાના કરિયરમાં ઘણી સારી ફિલ્મો કરી હતી. તેમાં તુષાર કપૂરની 'ક્યા કૂલ હૈ હમ' અને રિતેશ દેશમુખની 'અપના સપના મની મની' સામેલ હતી. ડાયરેક્ટરના નિધન બાદ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર છે. સંગીત સિવાનના મૃત્યુનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. ૬૫ વર્ષીય દિગ્દર્શકના નિધનથી કલાકારો અને ચાહકોને મોટો આઘાત લાગ્યો છે. અભિનેતા રિતેશ દેશમુખે સંગીતને યાદ કરીને શોક વ્યક્ત કર્યો છે. નિર્દેશકનો ફોટો શેર કરતા અભિનેતાએ લખ્યું, 'હું ખૂબ જ દુઃખી છું અને આ જાણીને આઘાત અનુભવું છું કે સંગીત સિવાન સર હવે આ દુનિયામાં નથી. એક નવા કલાકાર તરીકે, તમે ઈચ્છો છો કે કોઈ તમારામાં વિશ્વાસ કરે અને તમારા પર તક લે. ક્યા કૂલ હૈ હમ અને અપના સપના મની મની માટે હું તેમનો પૂરતો આભાર માની શકતો નથી. રિતેશે આગળ લખ્યું, 'એક પ્રેમાળ, નમ્ર અને અદ્ભુત વ્યક્તિ. આજે મારું હૃદય તૂટી ગયું છે. તેમના પરિવાર, નજીકના લોકો, પત્ની, બાળકો અને ભાઈઓ પ્રત્યે મારી દિલથી સંવેદના. હું તમને યાદ કરીશ ભાઈ. અને તમે પણ હસો. સંગીત સિવાન સર નથી રહ્યા એ જાણીને ખૂબ જ દુઃખી અને આઘાત લાગ્યો. એક નવોદિત તરીકે તમે ઈચ્છો છો કે કોઈ તમારામાં વિશ્વાસ કરે અને તક લે.. ક્યા કૂલ હૈ હમ અને અપના સપના મની મની માટે તેમનો પૂરતો આભાર માની શકાય નહીં. મૃદુભાષી, નમ્ર અને અદ્ભુત માનવી. હૃદય છું... સંગીત સિવન મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ હતું. તે તેની ફિલ્મ 'યોધા' માટે જાણીતો છે. તેમના પિતા સિવાન મલયાલમ સિનેમાનું મોટું નામ હતું. સિવાન તેમના સમયના મહાન સિનેમેટોગ્રાફર અને ફિલ્મ નિર્દેશક હતા. સંગીતના ભાઈઓ સંતોષ સિવાન અને સંજીવ સિવાન પણ ફિલ્મ નિર્માતા છે. સંગીતે ૧૯૯૦માં ફિલ્મ 'વ્યુહમ'થી મલયાલમ સિનેમામાં નિર્દેશક તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ પછી ૧૯૯૨માં તેની ફિલ્મ 'યોધા' આવી. આ તે ફિલ્મ હતી જેણે સંગીતને ઓળખ આપી. સંગીતે ૧૯૯૮માં આવેલી ફિલ્મ 'ઝોર'થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. તે પછી તેણે 'ચુરા લિયા હૈ તુમને', 'ક્યા કૂલ હૈ હમ', 'અપના સપના મની મની' જેવી ફિલ્મો કરી.

# કિમ કાર્દાશિયનને પણ મેટ ગાલા ૨૦૨૪માં ટીકાઓનો સામનો

**કિમ કાર્દાશિયનને પણ મેટ ગાલા ૨૦૨૪માં વધુ પડતા ચુસ્ત પોશાક પહેરવા બદલ ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો**

કિમ કાર્દાશિયન એક પ્રખ્યાત હોલીવુડ ટીવી વ્યક્તિત્વની સાથે સાથે બિઝનેસવુમન પણ છે. પરંતુ તે તેના ફેશન સ્ટેટમેન્ટના કારણે જાણીતી છે. કિમ કાર્દાશિયન પોતાની અનોખી સ્ટાઈલ અને સુંદર દેખાવથી ચાહકો અને સોશિયલ મીડિયા યુઝર્સને અવારનવાર આશ્ચર્યચકિત કરે છે. આવી સ્થિતિમાં, મેટ ગાલા ૨૦૨૪માં પણ કિમે તેના લુકથી લોકોને ધ્યાન ફેરવવા માટે મજબૂર કરી હતી. કિમ કાર્દાશિયને મેટ ગાલા ૨૦૨૪માં લક્ઝરી બ્રાન્ડ મેઈસન માગીલાનો કોર્સેટ ડ્રેસ અને મેટલ સ્કર્ટ પહેર્યો હતો. કિમને બ્રાન્ડના ડાયરેક્ટર જ્હોન ગેલિયાનોએ સ્ટાઈલ કરી હતી. તેણે કિમ કાર્દાશિયનના લુકને દરેક એંગલથી જોયો અને તેને પરફેક્ટ બનાવવાનો પ્રયાસ કર્યો. કિમ કાર્દાશિયને મેટ ગાલાના રેડ કાર્પેટ પર ચાલતા પહેલા તેના આઉટફિટ અને મેકઅપનો પ્રયાસ કર્યો હતો. તેની તૈયારીનો વીડિયો પણ સામે આવ્યો છે. વોગની યુટ્યુબ ચેનલ પર શેર કરવામાં આવેલા વિડિયોમાં કિમ કાર્દાશિયન જોઈ શકાય છે. જ્યારે તે તૈયાર થઈ રહી છે ત્યારે તે તેના લુક વિશે વાત કરી રહી છે. કિમનો મેકઅપ પ્રખ્યાત કલાકાર મારિયો ડેડિવાનોવિકે



કર્યો હતો. તેણીની હેરસ્ટાઈલ ક્રિસ એપલટન દ્વારા કરવામાં આવી હતી. વીડિયોમાં બંને કિમને તૈયાર કરતા જોવા મળે છે. તેના લુક વિશે વાત કરતા કિમ કાર્દાશિયન કહી રહી છે કે આ તેનો ડ્રીમ મેટ ગાલા લુક છે. તેણીને માગીલા બ્રાન્ડના પોશાક પહેરે પસંદ છે અને તે પહેલા પણ એકવાર તેનો લુક પહેરી ચુકી છે. આ પછી, ડિઝાઈનર જોન ગેલિયાનો દ્વારા બનાવેલ ડ્રેસ સ્ક્રીન પર દેખાય છે. આ ડ્રેસમાં ધાતુના બનેલા ફૂલો અને પાંદડા છે. કિમ કાર્દાશિયન કહે છે કે તેના દેખાવ માટે તેનો વિચાર બગીચામાં ઊંઘમાંથી જાગવાનો હતો. તે કલ્પના કરી રહી છે કે તે બગીચામાં ઊંઘમાંથી જાગી ગઈ છે અને તેના સુંદર ડ્રેસ પર તેના બોયફ્રેન્ડનું સ્વેટર પહેરીને ઘરે ભાગી ગઈ છે. તેથી જ તેણે તેની હેરસ્ટાઈલ અવ્યવસ્થિત રાખી હતી. તેના સ્કર્ટમાં યોગ્ય રીતે ચાલી શકે તે માટે કિમે તેના ઊંચા સેન્ડલની હીલ્સ કાઢી નાખી હતી. આવી સ્થિતિમાં તે આખી રાત પગના અંગૂઠા પર ચાલી રહી હતી. કિમે કહ્યું કે જો તે તેની રાહ પર વજન મૂકશે તો તે પડી જશે. કિમ કાર્દાશિયને તેના લુક સાથે અન્ય એક ખાસ વાત કરી હતી કે તેણે તેના અન્ડરવેરને કોર્સેટ સાથે મેચ કર્યું હતું. કિમે આ વીડિયોમાં પણ બતાવ્યું. લુક પૂરો થયા બાદ અભિનેત્રી માટે શ્વાસ લેવો મુશ્કેલ બની ગયો હતો. આવી સ્થિતિમાં જ્હોને તેને પૂછ્યું કે શું તે શ્વાસ લેવામાં સક્ષમ છે? તેના પર કિમ કાર્દાશિયને કહ્યું કે શ્વાસ લેવો એ એક કળા છે અને તે તે કરશે.

## મુમતાઝ અને રાજેશ ખન્નાનો ખાસ મિત્ર

# હેં! અમિતાભ બચ્ચન પાસે પોતાની ગાડીને ધક્કા મરાવતો હતો આ એક્ટર

**એ એક્ટર, જે સેટ પર કોઇ રિહર્સલ વિના જ શોટ આપવાનું ટેલેન્ટ ધરાવતો હતો**

હિન્દી સિનેમાનો તે દિગ્ગજ એક્ટર જેણે તેના કરિયરમાં લગભગ દરેક એક્ટ્રેસ સાથે કામ કર્યું. આજે પણ લોકો તેમના ડાયલોગ્સને ભૂલી શક્યા નથી. એક્ટરની દીકરી પણ ઈન્ડસ્ટ્રીમાં ઘણું નામ કમાઈ રહી છે. આજે પણ લોકો આ એક્ટરના પાત્ર, ડાયલોગ અને એક્ટિંગને ભૂલી શક્યા નથી. પોતાની શાનદાર એક્ટિંગના દમ પર આ દિગ્ગજ એક્ટરે એક અલગ જ સ્થાન હાંસલ કર્યું. હવે ઉંમરના આ તબક્કે પણ આ એક્ટર ઓટીટી પર હાથ અજમાવી રહ્યો છે. પોતાના ધમાકેદાર અવાજ માટે જાણીતો આ એક્ટર બીજું કોઈ નહીં પણ શત્રુઘ્ન સિંહા છે. શત્રુઘ્નને મુમતાઝ સાથે એટલી સારી મિત્રતા હતી કે તે તેના માટે એક હિટ ફિલ્મ છોડવા માટે તૈયાર થઈ ગઈ હતી. આ એક્ટરની રાજેશ ખન્ના સાથે પણ ખૂબ સારી મિત્રતા હતી. શત્રુઘ્ને અમિતાભ બચ્ચન સાથે ઘણી હિટ ફિલ્મો



આપી છે. ૧૯૭૦ની મોટી હિટ ફિલ્મ 'ખિલૌના'માં કામ કરવાનો મોકો શત્રુઘ્નને મુમતાઝના કારણે મળ્યો હતો. ટીએલવી પ્રસાદે તેને ફિલ્મમાં એક નાનો પરંતુ સારો રોલ આપ્યો હતો. પરંતુ બાદમાં જ્યારે શત્રુઘ્નને ફિલ્મમાંથી હટાવવામાં આવી રહ્યા હતા ત્યારે મુમતાઝે કહ્યું હતું કે તે પણ આ ફિલ્મ છોડી દેશે, ત્યારબાદ બાદમાં એક્ટરને ફિલ્મમાં કામ કરવાની તક મળી. પરફેક્શનમાં પણ તેની ટક્કરનું કોઈ ન હતું. ૧૯૮૦માં આવેલી ફિલ્મ 'દોસ્તાના' દરમિયાન શત્રુઘ્ન સિન્હાના મેકઅપ મેનનું નિધન થયું હતું, જેના કારણે તે ઘણા દિવસો સુધી શૂટ પર આવ્યા ન હતા. એક દિવસ તે અચાનક સેટ પર આવી ગયા અને તેણે રિહર્સલ કર્યા વગર પોતાનો શોટ પૂરો કર્યો. આ જોઈને ખુદ અમિતાભ પણ દંગ રહી ગયા હતા. શત્રુઘ્ન સિન્હાની અમિતાભ પણ સાથે ખૂબ સારી મિત્રતા છે. એકવાર બંને સાજિદ ખાનના ચેટ શોમાં આવ્યા અને એકબીજા સાથે જોડાયેલી ઘણી વાતો શેર કરી. પરંતુ એક એવી ઘટના બની જેણે બધાનું ધ્યાન ખેંચ્યું. હકીકતમાં બિગ બીએ કહ્યું હતું કે તે દિવસોમાં માત્ર શત્રુઘ્ન સિન્હા પાસે જ કાર હતી. જો કે તેમણે એક્ટરની કારની ખૂબ મજાક પણ ઉડાવી હતી. અમિતાભ બચ્ચને કહ્યું કે એક દિવસ અમે બધા મિત્રો સિન્હા સાહેબની કારમાં બેસીને ફિલ્મ જોવા જઈ રહ્યા હતા, તે સમયે તેમની ખટારાની કાર ખરાબ થઈ ગઈ. તે સમયે પણ બધાને 'ખામોશ' કરાવનાર એક્ટર પોતે કારમાં બેસી જતા હતા જ્યારે બીજા બધાએ કારને ધક્કો મારવો પડતો હતો. હું પોતે પણ તેની કારને ધક્કો મારતો હતો.

# અનન્યા બિરલા જેણે સંગીતને કહ્યું અલવિદા

**સિંગર અનન્યા બિરલાની એક પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં તેણે સંગીત છોડવાની વાત કરી છે**

સોશિયલ મીડિયાથી લઈ દરેક બાજુ સિંગર અનન્યા બિરલા ચર્ચામાં છે.જેમણે અચાનક સંગીતની દુનિયાને અલવિદા કહેવાની જાહેરાત કરી સૌ કોઈને ચોંકાવી દીધા છે. ત્યારબાદ ચર્ચા શરુ થઈ ગઈ છે આખરે આ સિંગર અનન્યા બિરલા કોણ છે. અનન્યા બિરલા બિઝનેસમેન કુમાર મંગલમ બિરલાની દિકરી છે. જેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેમણે કહ્યું કે, સંગીતની દુનિયા છોડી રહી છું, પોસ્ટમાં એ પણ જણાવ્યું કે, બિઝનેસ અને મ્યુઝિક કરિયરને સાથે સંભાળવું તેના માટે મુશ્કિલ બની રહ્યું હતુ.અનન્યા બિરલાએ પોતાના ઈન્સ્ટાગ્રામ નોટમાં લખ્યું ક્યારે ન ભુલાવનારી યાદ.. તમારા પ્રેમ માટે ધન્યવાદ, આ સૌથી મુશ્કિલ નિર્ણય રહ્યો છે. હું એ સ્ટેજ પર પહોંચી ગઈ છું. જ્યાં મારા દ્વારા ચાલનાર અને બનાવેલા બંન્ને વ્યવસાયો સંગીતમાં સંતુલન બનાવવાનું અસંભવ થઈ રહ્યું છે. આ પોસ્ટને શેર કર્યા બાદ ચાહકો અને સેલિબ્રિટીએ રિએક્શન આપ્યું છે. જેમાં ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ લખ્યું, લવ યુ સો મચ. સિંગર અરમાન મલિકે લખ્યું આ સાંભળી ખુબ દુખ થાય છે પરંતુ તેમ આમ કરતા રહો. તમારા તમામ સપના અને ભવિષ્યના પ્રયાસો તેમજ વધારે શક્તિ આપે. આ સિવાય અભિનેતા બોબી દેઓલે લખ્યું, તમે જિંદગીમાં જે પણ કરો તેના માટે બેસ્ટ ઓફ લવ, ગોડ બ્લેસ યુ, અનન્યા બિરલાએ તેરી મેરી કહાની.



# MDoNERએ વિજ્ઞાન ભવન એનેક્સી, નવી દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૪ માટે કાઉન્ટડાઉનનું આયોજન કર્યું



| નવી દિલ્હી, તા.૯ |

આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની અપેક્ષાએ, ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલય (MDoNER) એ નવી દિલ્હીમાં વિજ્ઞાનભવન એનેક્સી ખાતે એક કાઉન્ટડાઉન ઈવેન્ટનું આયોજન કર્યું હતું. MDoNERના સચિવ અને અધિકારીઓ/કર્મચારીઓ તેમજ વિજ્ઞાનભવન એનેક્સીમાં નિમણૂંક CISFના અધિકારીઓ અને કર્મચારીઓએ MDNIYના યોગ પ્રશિક્ષક અને નિદર્શકોના માર્ગદર્શનમાં સક્રિય રુપે ભાગ લીધો અને ભારતીય વારસામાં ઊંડે ઊંડે જડેલા યોગના શાશ્વત લાભો પર પ્રકાશ પાડ્યો. આ ઈવેન્ટમાં સર્વગ્રાહી સુખાકારીને પોષવાના હેતુથી ગતિશીલ યોગ પ્રેક્ટિસ દર્શાવવામાં આવી હતી. સચિવ DoNERએ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન



આપવા માટે યોગની ભૂમિકા પર ભાર મૂક્યો હતો MDoNER આ પરિવર્તનકારી દિવસ માટે કાઉન્ટડાઉનનું આયોજન કરે છે, તે યોગ દ્વારા આરોગ્ય અને કલ્યાણની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે. વિજ્ઞાન ભવનમાં આયોજિત આ કાર્યક્રમ યોગની સાર્વભૌમિક અપીલ અને સમકાલીન પડકારોનો સામનો કરવા માટે તેની કાયમી પ્રાસંગિકતાની યાદ અપાવે છે.

# ઝાલોદ કેળવણી મંડળ સંચાલિત બી.એમ.હાઈસ્કૂલનુ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ ૫૫.૭૬% અને સામાન્ય પ્રવાહનું ૯૦.૧૯% પરિણામ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ |

આજરોજ ૦૯-૦૫-૨૦૨૪ ગુરુવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવાના આવ્યું હતું. આ પરીક્ષામાં કેળવણી મંડળ સંચાલિત બી.એમ.હાઈસ્કૂલ સંચાલિત ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમા કુલ ૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તે માથી ૨૯ વિદ્યાર્થી પાસ થતા પરિણામ ૫૫.૭૬% આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે પઠાણ અલવિરા એસ. ૭૦૦/૬૩૨ ૯૦.૨૮%, બીજા નંબરે પટેલ મુલ્લશીરા. આર ૭૦૦/૬૨૬ ૮૯.૪૨% તેમજ ત્રીજા નંબરે પંચાલ રિયા જીતેન્દ્ર ૭૦૦/૬૦૯ ૮૭.૦૦% લાવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સામાન્ય પ્રવાહમા કુલ ૨૫૫ વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી તેમાથી ૨૩૦ વિદ્યાર્થીઓ પાસ થતા




બી.એમ.હાઈસ્કુલનુ પરિણામ ૯૦.૧૯% આવેલ હતું. સામાન્ય પ્રવાહમાં પ્રથમ નંબરે પ્રજાપતિ વંશીકાબેન માંગીલાલ ૬૫૦/૪૬૯ ૭૨.૧૫%, બીજા નંબરે ડામોર નિરંજના ચુનીલાલ ૬૫૦/૪૫૨ ૬૯.૫૩% તેમજ ત્રીજા નંબરે વસૈયા કરણસિંહ આનંદસિંહ ૬૫૦/૪૪૫ ૬૮.૪૬% લાવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. દરેક વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવવા બદલ આચાર્ય મિત્તુલ પટેલે સહુને અભિનંદન પાઠવ્યા હતા.

# પેથાપુર પંચાલ સમાજ દ્વારા અમાવસ્યાના દિવસે વિશ્વકર્મા દાદાની આરતી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ |

ઝાલોદના પેથાપુર પંચાલ સમાજ દ્વારા વિક્રમ સવંત ૨૦૮૦ ચૈત્ર અમાવસના દિવસે પંચાલ સમાજના કુલ દેવતા શ્રી વિશ્વકર્મા પ્રભુના વંશજો દ્વારા પંચાલ જાતિના કુળદેવતાની અમાવસ્યા આરતી પૂજન કરવામાં આવેલ. દર માસના અમાસના દિવસે પંચાલ સમાજ દ્વારા ગ્રામ્ય કે શહેરી વિસ્તારમાં અમાવસ્યાની આરતીનો કાર્યક્રમ રાખવામાં આવે છે આ સામાજિક પ્રસંગ થકી સમાજની એકતા અને એકજુટતા જળવાય રહે છે અને પંચાલ સમાજના કુળદેવતાના સમાજ દ્વારા અમાવસના દિવસે પૂજન આરતી કરીને ઉજવવામાં આવે છે.

# શ્રી સંજય કુમારે અર્લી ચાઇલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશનના વ્યાપક ઉદ્દેશો પાર પાડવા માટે બેઠકની અધ્યક્ષતા કરી





| નવી દિલ્હી, તા.૯ |

શિક્ષણ મંત્રાલયનાં શાળા શિક્ષણ અને સાક્ષરતા સચિવ શ્રી સંજય કુમારની અધ્યક્ષતામાં આજે આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, નવી દિલ્હી ખાતે અર્લી ચાઈલ્ડહૂડ કેર એન્ડ એજ્યુકેશન (ઈસીસીઈ)નાં વિસ્તૃત ઉદ્દેશો પાર પાડવા માટે એક બેઠક યોજાઈ હતી. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (એમઓડબલ્યુસીડી), રાજ્યો અને શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (ડીઓએસઈએન્ડએલ)ની સ્વાયત્ત સંસ્થાઓના પ્રતિનિધિઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક-ફાઉન્ડેશનલ સ્ટેજ (એનસીએસએફ-એફએસ) હેઠળ કલ્પના કરવામાં આવી છે તે મુજબ અવિરત સંક્રમણ અને ગુણવત્તાયુક્ત ઈસીસીઈ માટે પૂર્વ-શાળા શિક્ષણ અને શાળા શિક્ષણની સાતત્યતા જરૂરી છે.

આ પ્રસંગે બોલતા શ્રી સંજય કુમારે બેઠકનો સંદર્ભ નક્કી કર્યો હતો અને ગુણવત્તાયુક્ત ઈસીસીઈમાં દરેક હિતધારકના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી કુમારે એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે, એમઓડબલ્યુસીડી અને વિવિધ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલો જોઈને આનંદ થાય છે.

આ બેઠક દરમિયાન ધોરણ ૧ ધરાવતા તમામ સીબીએસઈ અને કેન્દ્રીય વિદ્યાલયોમાં પ્રી-પ્રાઈમરી માટે ૩થી ૬ વર્ષના બાળકો માટે ત્રણ બાલવાટિકાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગામડાઓમાં પ્રાથમિક શાળાઓ સાથે આંગણવાડીઓનું સંકલન કરવાની ભલામણ ડબલ્યુસીડી સાથે સંકલન કરીને કરવામાં આવી હતી, જેનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું હતું, જેથી યોગ્ય પૂર્વશાળાનું શિક્ષણ મળી શકે અને ગ્રેડ-૧માં સરળતાથી પ્રવેશ મેળવી શકાય. સારી રીતે સર્વાંગી શિક્ષણના અનુભવ માટે પૂર્વ-પ્રાથમિક વર્ગો ધરાવતી સરકારી શાળાઓમાં જાદુઈ પિટારાનો ઉપયોગ કરવા પણ સૂચન કરવામાં આવ્યું હતું. એવું સૂચન કરવામાં આવ્યું હતું કે એનસીઈઆરટી હાલના લર્નિંગ ટોયઝનું મૂલ્યાંકન કરવા માટે રાજ્યના અધિકારીઓ સાથે કામ કરી શકે છે, જે એનસીએફ-એફએસ લક્ષ્યો સાથે સુસંગતતા સુનિશ્ચિત કરે છે. એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે એમઓઇ અને ડબલ્યુસીડીએ પોષણ ટ્રેકર અને યુડીઆઈએસઇ ડેટાને જોડવા માટે સહયોગ કરવો જોઈએ, જેથી પૂર્વ-પ્રાથમિકથી વર્ગ -૧ સંક્રમણને ટ્રેક કરી શકાય. રાજ્યો માપદંડોને વ્યાખ્યાયિત કરી શકે છે અને ખરીદીમાં પારદર્શકતા અને કાર્યદક્ષતા સુનિશ્ચિત કરવા માટે જાદુઈ પિતારા સામગ્રીઓ માટે રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આરએફપી)નો ઉપયોગ કરી શકે છે. વિઝિબિલિટી અને માન્યતા વધારવા માટે તમામ રાજ્યોમાં નિપુણ ભારત, જાદુઈ પિટારા, ઈ જાદુઈ પિટારા અને વિદ્યા પ્રવેશ જેવા કાર્યક્રમો માટે બ્રાન્ડિંગના માનકીકરણ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. એવું સૂચવવામાં આવ્યું હતું કે જાદુઈ પિટારાનું અપનાવવામાં આવેલું અને અનુકૂળ સંસ્કરણ જાદુઈ પિટારા માટે એનસીઈઆરટી દ્વારા ક્યુરેટ કરવામાં આવેલા નિર્ધારિત શિક્ષણ પરિણામો સાથે સુસંગત હોવું જોઈએ. એન.સી.ઇ.આર.ટી.એ નિયુક્ત અધ્યયન પરિણામોને અનુસરવામાં એસ.સી.ઇ.આર.ટી.ને ટેકો આપવો જોઈએ. પૂર્વશાળાના શિક્ષકો અને આંગણવાડી કાર્યકર (એ.ડબ્લ્યુ.ડબ્લ્યુ.)ને યોગ્ય તાલીમ આપવાની જરૂરિયાત અંગે પણ બેઠક દરમિયાન વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# ઝાલોદ નગરના ઘાવડીયા મુકામેથી ૧૨૭૩૨નો વિદેશી દારૂ ઝડપાયો : જ્યુપિટર મૂકી ચાલક ફરાર

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ |

ઝાલોદ નગરમાં પોલીસ પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન તેમણે ચોક્કસ બાતમી મળેલ હતી કે નંબર વગરની કેસરી કલરની જ્યુપિટર ગાડી પર એક ઈસમ વિદેશી દારૂ લઈને આવી રહેલ છે બાતમી મુજબ ધાવડીયા ગામે સેજુ ફળીયામા વોચ કરતા ત્યાં બાતમી વાળુ વાહન આવતા તેને રોકવાનો પ્રયાસ કરાતાં ચાલક દ્વારા ગાડી વળાવી ગાડી થોડે દૂર મૂકી ઝાડી ઝાંખરાનો લાભ લઈ નાસી ગયેલ હતો. પોલીસ દ્વારા જ્યુપિટર ગાડી ચેક કરાતા ગાડી ઉપર તેમજ ગાડીની ડીકી માથી ૧૧૭ નંગ વિદેશી દારૂની બોટલ જેની આસરે કિંમત ૧૨૭૩૨ સાથે જ્યુપિટર ગાડીની કિંમત ૩૦૦૦૦ સાથે કુલ ૪૨૭૩૨ નો મુદ્દામાલ ઝડપી પોલીસ દ્વારા અજાણ્યા ઈસમ વિરૃધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# કમાન્ડર જીપ ચાલક દ્વારા વાહન ગફલત રીતે હંકારતા બાઇક ચાલકનું મોત

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ |

ગોવિંદભાઈ કીડીયા ડામોર તેમની સાસરીમાં ઝાલોદ તાલુકાના લીમડી પાસે આવેલ પારેવા ગામે પોતાની સ્પલેન્ડર બાઈક GJ-20-0990 જઈ રહેલ હતા ત્યારે પારેવા ગામની હાંડી ચોકડીએ કમાન્ડર જીપ GJ-17-C-2044 ના ચાલક દ્વારા ગફલત રીતે પુરઝડપે હંકારતા બાઈક ચાલકને અડફેટે લીધેલ હતું. બાઈક સવાર ઈજાગ્રસ્ત ગોવિંદભાઈને તાત્કાલિક દાહોદ ઝાયડસ હોસ્પિટલમા ખસેડવામાં આવેલ હતા ત્યાં ત્રણ દિવસની સારવાર બાદ ઈજાગ્રસ્ત ગોવિંદભાઈનુ મૃત્યુ થયેલ હતું. મૃતકના ભાઈ દ્વારા અજાણ્યા કમાન્ડર જીપ ચાલક વિરૃધ્ધ લીમડી પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી કરી તપાસ કરવા ફરિયાદ કરેલ છે.

# IRCTC ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા (મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર અને વૈષ્ણો દેવી) યાત્રા ચલાવી રહી છે



| અમદાવાદ, તા.૯ |

ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા (મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર અને વૈષ્ણો દેવી) યાત્રા ટ્રેન નું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જે ૨૫.૦૫.૨૪ ના રોજ રાજકોટ શહેરથી ઉત્તર દર્શન યાત્રા માટે રવાના થશે.

આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ ૨૫ મે ૨૦૨૪ થી ૦૨ જૂન ૨૦૨૪ (૦૮ રાત્રિ / ૦૯ દિવસ) સુધીની રહેશે. આ યાત્રા દરમિયાન IRCTC મથુરા - શ્રી કૃષ્ણ જન્મ ભૂમિ, હરિદ્વાર મા સાંજે ગંગા આરતી, ઋષિકેશ, અમૃતસર - સુવર્ણ મંદિર અને વાઘા બોર્ડર અને શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર જેવા ધાર્મિક સ્થળોએ લઈ જશે. IRCTC તેના મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આ અંતર્ગત, આ પ્રવાસ માટે ત્રણ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ (સ્લીપર) માટે રૂ. ૧૮,૩૦૦/-, કમ્ફર્ટ ક્લાસ -3AC માટે રૂ. ૨૯,૯૦૦/- અને સુપિરિયર ક્લાસ- 2AC માટે રૂ. ૪૨,૪૦૦/-, -ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં IRCTC દ્વારા LTC સુવિધા પણ આપવામાં આવી રહી છે. ૨૫ મે ૨૦૨૪ ના રોજ ચાલનારી આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, રતલામ અને કોટા થી બેસી શકશે.

IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પૅકેજમાં સવારનો નાસ્તો, લંચ અને ડિનર ઑન બોર્ડ અને ઑફ બોર્ડ શુદ્ધ શાકાહારી ભોજન આપ વામાં આવશે. પ્રવાસની માહિતી આપવા માટે આ ટ્રેનમાં જાહેરાતની સુવિધા ઉપલબ્ધ છે.ટ્રેનના દરેક કોચમાં એસ્કોર્ટ અને સિક્યોરિટી ગાર્ડ પણ ઉપલબ્ધ રહેશે. IRCTC દ્વારા આ પ્રવાસમાં મુસાફરોનો વીમો પણ સામેલ છે.

આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ IRCTC વેબસાઈટ (irctc-tourism.com) પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ. આર.સી.ટી.સી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસનો સંપર્ક કરી શકો છો. આ માટે મુસાફરો વોટ્સએપ અથવા ફોન નંબર:- ૭૦૨૧૦૯૦૬૨૬, ૭૦૨૧૦૯૦૬૧૨, ૭૦૨૧૦૯૦૫૭૨, ૯૩૨૧૯૦૧૮૪૯, ૯૩૨૧૯૦૧૮૫૧, ૯૩૨૧૯૦૧૮૫૨, ૭૦૨૧૦૯૦૬૪૪, ૭૦૨૧૦૯૦૮૩૭, ૭૦૨૧૦૯૦૪૯૮ પર સંપર્ક કરી શકે છે.

# ગાંધીનગર-વેરાવળ ઇન્ટરસિટી એક્સપ્રેસ અને સોમનાથ એક્સપ્રેસના સંચાલન સમયમાં આંશિક ફેરફાર

| અમદાવાદ, તા.૯ |

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોના સમય પાલનમાં વધુ સુધારો કરવા માટે ૧૫ મે ૨૦૨૪થી ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસ અને ગાંધીનગર-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનોના આગમન અને પ્રસ્થાનના સમયમાં આંશિક ફેરફારો કરાયા છે જેની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૨૨૯૫૭ ગાંધીનગર કેપિટલ - વેરાવળ સોમનાથ એક્સપ્રેસ ગાંધીનગરથી વર્તમાન નિર્ધારિત સમય ૨૧:૫૫ કલાકના સ્થાને ૨૧:૪૫ કલાકે (૧૦ મિનિટ વહેલા) પ્રસ્થાન કરશે અને ૨૨.૦૮/૨૨.૧૦ કલાકે ચાંદલોડિયા બી, ૨૨.૫૬/૨૨.૫૮ કલાકે વિરમગામ અને ૦૫:૪૫ કલાકે વેરાવળ પહોંચશે.

૨. ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ - વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગરથી વર્તમાન નિર્ધારિત સમય ૧૦:૩૫ કલાકના સ્થાને ૧૦:૩૦ કલાકે (૦૫ મિનિટ વહેલા) ઉપડશે. અન્ય તમામ સ્ટેશનો પર આગમન અને પ્રસ્થાનનો સમય યથાવત રહેશે.

૩. ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ-ગાંધીનગર સોમનાથ એક્સપ્રેસ વેરાવળથી તેના નિર્ધારિત સમયે ૨૧:૫૦ કલાકે પ્રસ્થાન કરશે તથા વિરમગામ ૦૪:૨૧/૦૪:૨૩ કલાકના સ્થાને ૦૪:૦૫/૦૪:૦૭ કલાકે, ચાંદલોડિયા બી ૦૫:૧૦/૦૫:૧૨ કલાકના સ્થાને ૦૪:૫૦/૦૪:૫૨ કલાકે તથા ગાંધીનગર ૦૫:૫૫ કલાકના સ્થાને ૦૫:૪૦ કલાકે પહોંચશે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે। તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારા બળપણની યાદગીરીઓ તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં-ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો.

**કર્ક (ડ,હ) :**

આજે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજે સાંજે કામ ઓછું અને થોડીક હળવાશ માણો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.

**તુલા (ર,ત) :**

આજે સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. રૉમેન્ટિક મેળાપ ખૂબ જ આકર્ષક જણાય છે પણ તે લાંબું નહીં ટકે. કામના સ્થળે વરિષ્ઠો તથા સહ-કમર્મચારીઓ તરફથી સહકાર તમારૂં મનોબળ વધારશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તાણ નાનકડી બીમારીમાં પરિણમી શકે છે. આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા બાળકને તમારી અપેક્ષાઓ પ્રમાણે કામ કરવા માટે પ્રેરણા આપજો. પણ તે પ્રયાસ કરી રહ્યું છે ત્યારે કોઈ ચમત્કારની અપેક્ષા રાખશો નહીં.

**મકર (ખ,જ) :**

આજે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો. ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે। તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા ગુસ્સાની લહેર વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

**ન્યૂઝ બ્રિફ**

## તમિલનાડુમાં ભાજપના પ્રથમ ધારાસભ્ય સી વેલયુથનનું નિધન

। (એજન્સી) તમિલનાડુ, તા.૯ ।

તમિલનાડુ ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય સી વેલયુથનનું નિધન થયું છે. તેઓ ૭૩ વર્ષના હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં જણાવ્યું હતુંતેઓ ૧૯૯૬ની ચૂંટણીમાં પદ્મનાભપુરમ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ભાજપ તરફથી તમિલનાડુ વિધાનસભામાં ચૂંટાયેલા પ્રથમ ધારાસભ્ય હતા. પક્ષ અને સમાજ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને સમર્પણ હંમેશા યાદ રાખવામાં આવશે. આ મુશ્કેલ સમયમાં તેમના પરિવાર અને સમર્થકો પ્રત્યે મારી ઊંડી સંવેદના.દરમિયાન, તમિલનાડુ ભાજપના પ્રમુખ કે અન્નામલાઈએ વેલયુથનને રાજ્યમાં પાટીના નેતા ગણાવ્યા. આ પ્રસંગે તેમણે કહ્યું કે તમિલનાડુમાં ભારતીય જનતા પાટીના પ્રથમ ધારાસભ્ય વેલયુથને સખત મહેનત કરી અને તમિલનાડુમાં પાટીના વિકાસ માટે આત્મવિશ્વાસના બીજ વાવ્યા. વેલયુથનના નિધન પર શોક વ્યક્ત કરતા તેમણે પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.કેન્દ્રીય મંત્રી એલ મુરુગન અને અન્ય ઘણા બીજેપી નેતાઓએ વેલયુથનના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તમને જણાવી દઈએ કે વેલયુથને ૧૯૯૬ની વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત હાંસલ કરી હતી.

## આનંદો, ફ્રીમાં જોઈ શકાશે T20 વર્લ્ડ કપની તમામ મેચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ક્રિકેટ પ્રેમીઓ માટે કામના સમાચાર છે. ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ શરૂ થવાને એક મહિનાથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. મોટા ભાગના દેશો આ ટુર્નામેન્ટ માટે પોતાની ટીમ જાહેર કરી ચુક્યા છે. આ વખતે આ ટુર્નામેન્ટ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાશે. અમેરિકાને કોઈ આઈસીસી ટુર્નામેન્ટની યજમાની આપવામાં આવી હોય તેવો આ પ્રથમ મોકો છે. ગત વર્ષે વન ડે વર્લ્ડકપ ફાઈનલમાં મળેલી હાર બાદ ભારતીય ફેંસ રોહિત શર્મા એન્ડ કંપનીને ટી૨૦ વર્લ્ડકપ ટ્રોફી ઉઠાવતાં જોવા આતુર છે. ક્રિકેટ ફેંસ માટે સારા સમાચાર છે કે બ્રોડકાસ્ટર્સે ભારતીય ફેંસ માટે ટી૨૦ વર્લ્ડકપ ફ્રીમા બતાવવાનો ફેંસલો કર્યો છે. ટી૨૦ ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૪નુ ફ્રી સ્ટ્રીમિંગ ડીઝની હોટસ્ટાર પર થશે. આ માટે તમારે સબસ્ક્રીપ્શન લેવાની જરૂર નથી. તમે ફ્રીમાં મેચનો આનંદ ઉઠાવી શકશો. ટીવી પર તમે સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર મેચનો આનંદ લઈ શકશો. ડિઝની હોટસ્ટારના વડા સજિત શિવાનંદે કહ્યું કે, દરેક લોકો મેચ જોઈ શકે તે માટે અમે ICC T20 વર્લ્ડ કપ મોબાઈલ પર ફ્રીમાં બતાવવાનું નક્કી કર્યું છે. આ રમત દેશના દરેક ખૂણે પહોંચવી જોઈએ અને ક્રિકેટ પ્રેમી કોઈપણ ક્ષણ ચૂકવા ન જોઈએ. ૨ જૂનથી શરૂ થનારી ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ ૨૯ જૂને રમાશે. ટૂર્નામેન્ટમાં પ્રથમ વખત ૨૦ ટીમો ભાગ લેશે. ભારત તેનો પ્રથમ મુકાબલો આયરલેંડ સામે ૫ જૂને રમશે.

### કેરળના કોચીમાં વસૂલાતાં ચાર્જ અંગે સર્વોચ્ચ અદાલતે સરકાર પાસે જવાબ માગ્યો

# સેનિટરી પેડના નિકાલ માટે વધારાનો ચાર્જ વસૂલાતા સુપ્રીમ કોર્ટે નારાજગી દર્શાવી

### સુપ્રીમ કોર્ટે સેનિટરી પેડના કચરાના નિકાલને લગતી એક PILની સુનાવણી દરમિયાન કેરળ સરકારને આડા હાથે લીધી હતી

। નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ કોર્ટે સેનિટરી પેડના કચરાના નિકાલને લગતી એક પીઆઈએલની સુનાવણી દરમિયાન કેરળ સરકારને આડા હાથે લીધી હતી. તેણે વેધક સવાલ કરતા અફસોસ વ્યક્ત કર્યો હતો કે એક તરફ સ્વચ્છતા અભિયાન અંતર્ગત આપણે માસિક સમયે સ્વચ્છતા જાળવાય તે માટે સેનેટરી નેપકીન મફતમાં આપીએ છીએ, તો બીજી તરફ સરકાર તેના કચરાના નિકાલ માટે પૈસા વસૂલી રહી છે. કોર્ટે આ મામલે સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટ ઈન્દુ વર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી.

જસ્ટિસ સૂર્યકાંત અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે એક તરફ, આપણે શાળાઓ અને અન્ય સંસ્થાઓમાં મફતમાં સેનિટરી નેપકિન આપીને માસિક ધર્મની સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે નિર્દેશો જારી કરીએ છીએ, તો બીજી તરફ, રાજ્ય સેનિટરી કચરાના નિકાલ માટે પૈસા વસૂલી રહી છે. આ કેવી રીતે શક્ય બની શકે? તમે આનો જવાબ આપો. ઈન્દુ વર્માએ કોર્ટમાં કાર્યવાહી દરમિયાન દલીલ કરી હતી કે જ્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમોમાં આવી કોઈ જોગવાઈ નથી ત્યારે રાજ્ય સેનિટરી વેસ્ટના નિકાલ



માટે લોકો પાસેથી વધારાનો ચાર્જ કેવી રીતે વસૂલી શકે? ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન માટે સરકાર દ્વારા રાખવામાં આવેલી એજન્સીઓ લોકો પાસેથી સેનિટરી નેપકિન્સ, બેબી અને એડલ્ટ ડાયપર માટે વધારાનો ચાર્જ લઈ રહી છે.

વર્માએ કોર્ટને વિનંતી કરી હતી કે આવા ચાર્જ માટે નિયમો હોવા જોઈએ. સુનાવણી દરમિયાન, અરજદારે ખાસ કરીને કેરળના કોચી શહેરનો ઉલ્લેખ કર્યો હતો, જ્યાં આ પ્રકારે ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. જવાબમાં, બેન્ચ વર્માની દલીલ સાથે સંમત થઈ હતી અને સેનિટરી વેસ્ટના નિકાલ માટે વસૂલવામાં આવતી વધારાના ચાર્જ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

### અમેરિકામાં ચૂંટણી લડાશે

# ૨૪ વર્ષના ભારતીય યુવકે ૨.૮૦ લાખ ડોલર ભેગા કર્યા

### જો અશ્વિન રામાસ્વામી રાજ્ય સેનેટની ચૂંટણી જીતી જાય છે, તો તેઓ સેનેટર બનનાર પ્રથમ જનરલ ઝેડ હશે

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય મૂળના અશ્વિન રામાસ્વામી અમેરિકામાં સ્ટેટ સેનેટની ચૂંટણી લડવા જઈ રહ્યા છે. અશ્વિન માત્ર ૨૪ વર્ષનો છે અને આ વર્ષે જ્યોર્જિયાથી સ્ટેટ સેનેટની ચૂંટણી લડશે.સ્ટેટ સેનેટની ચૂંટણી લડી રહેલા અશ્વિન 'જન-ઝેડ'માંથી પ્રથમ ભારતીય-અમેરિકન છે. જનરલ ઝેડ એવા લોકો છે જેનો જન્મ ૧૯૯૭ અને ૨૦૧૨ વચ્ચે થયો હતો. એટલું જ નહીં, અશ્વિન રામાસ્વામીએ ચૂંટણી લડવા માટે અત્યાર સુધીમાં લગભગ ૨.૫ કરોડ રૂપિયાની રકમ પણ એકઠી કરી છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, અશ્વિને ચૂંટણી પ્રચાર માટે અત્યાર સુધીમાં ૨.૮૦ લાખ ડોલર એકઠા કર્યા છે. તેણે આ રકમ ૧ ફેબ્રુઆરીથી ૩૦ એપ્રિલ વચ્ચે એકત્રિત કરી છે. તે જ સમયે, તેના હરીફ શૉન સ્ટિલને આના કરતા ઘણું ઓછું ભંડોળ મળ્યું છે.રામાસ્વામીના કેમ્પેઈન ફાયનાન્સ મુજબ, તેમણે અત્યાર સુધીમાં કુલ $2.80 લાખથી વધુ એકત્ર કર્યા છે. તેમાંથી તેમની પાસે $2.08 લાખ રોકડ છે. ભારતીય ચલણમાં આ રકમ અંદાજે ૨.૫ કરોડ રૂપિયા છે. રાજ્ય સેનેટની ચૂંટણી લડવા માટે આટલું ભંડોળ પૂરતું માનવામાં આવે છે. અશ્વિન રામાસ્વામી ડેમોક્રેટ તરીકે જ્યોર્જિયાના ડિસ્ટ્રિક્ટ-૪૮માંથી સ્ટેટ સેનેટની ચૂંટણી લડશે. હાલમાં રિપબ્લિકન પાટીના શૉન સ્ટિલ અહીંથી સાંસદ છે. શૉન સ્ટિલ પર જાન્યુઆરી ૨૦૨૦માં કેપિટોલ હિલમાં હિંસાનો પણ આરોપ છે. આ કેસમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. હજુ પણ ટ્રમ્પના ફેવરિટ માનવામાં આવે છે. ડિસ્ટ્રિક્ટ ૪૮માં જોન્સ ક્રીક, સુવાની, આલ્ફારેટા, કમિંગ, સુગર હિલ અને બફોર્ડનો સમાવેશ થાય છે.અશ્વિન રામાસ્વામી એક IT કંપનીમાં કામ કરતો હતો. પરંતુ ભારતીય-અમેરિકન સમુદાયની સેવા કરવા માટે, તેમણે નોકરી છોડીને રાજકારણમાં આવવાનું નક્કી કર્યું.તેણે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'હું મારા સમુદાયનો આભાર વ્યક્ત કરવા અને તેમની સેવા કરવા માટે સ્ટેટ સેનેટની ચૂંટણી લડી રહ્યો છું. હું એ સુનિશ્ચિત કરવા માંગુ છું કે દરેકને તે જ તકો મળે જે મને ઉછેરવામાં આવી હતી.

### દદીઓ પાસેથી લાંચ લેવાના આરોપ બાદ CBIની કાર્યવાહી

# દિલ્હીમાં આરએમએલ હોસ્પિટલના બે ડોક્ટર સહિત નવ લોકોની ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

સીબીઆઈએ એક મોટી કાર્યવાહીમાં દિલ્હીની RML હોસ્પિટલમાં રેકેટનો પર્દાફાશ કર્યો છે. સીબીઆઈએ હોસ્પિટલના બે ડોક્ટર સહિત ૯ લોકોની ધરપકડ કરી છે. આરોપ છે કે આ લોકો સારવારના નામે દદીઓ પાસેથી લાંચ લેતા હતા. ધરપકડ કરાયેલા લોકોમાં મેડિકલ સાધનો સપ્લાય કરનારાઓનો પણ સમાવેશ થાય છે.



આ લોકો સંપૂર્ણ રેકેટ ચલાવતા હતા અને હોસ્પિટલમાં આવતા દદીઓ પાસેથી સારવારના નામે મોટી રકમ વસૂલતા હતા. સીબીઆઈએ ભ્રષ્ટાચારના કેસમાં આરએમએલ હોસ્પિટલના બે ડોક્ટરોને સંડોવ્યા છે. જેમાં એક પ્રોફેસર અને એક આસિસ્ટન્ટ પ્રોફેસરનો સમાવેશ થાય છે. તેના પર સારવારના નામે ગરીબ દદીઓ પાસેથી પૈસા લેવાનો અને મેડિકલ સાધનો સપ્લાય કરાવવાના નામે ડીલરો પાસેથી મોટી રકમ લેવાનો આરોપ છે. સીબીઆઈએ મેડિકલ ઈક્વિપમેન્ટ સાથે સંબંધિત ડોકટરો અને ડીલરોના ૧૫ સ્થળો પર દરોડા પાડ્યા છે. સીબીઆઈએ પોતાની એફઆઈઆરમાં કુલ ૧૬ આરોપીઓનો ઉલ્લેખ કર્યો છે. આરએમએલ હોસ્પિટલના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પર્વતગૌડાની લગભગ ૨.૫ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથે ધરપકડ કરવામાં આવી છે. તેણે આ લાંચ યુપીઆઈ દ્વારા મેળવી હતી. આ સિવાય આરએમએલ હોસ્પિટલની કેથ લેબના સિનિયર ટેક્નિકલ ઈન્ચાર્જ રજનીશ કુમારની પણ ધરપકડ કરવામાં આવી છે.

સીબીઆઈએ કાર્ડિયોલોજી વિભાગના પ્રોફેસર ડો. અજય રાજ, નર્સ શાલુ શર્મા, હોસ્પિટલના ક્લાર્ક ભુવલ જયસ્વાલ અને સંજય કુમાર ગુપ્તા સહિત પાંચ અન્ય લોકોની ધરપકડ કરી છે. તેમાંથી ચાર અલગ-અલગ સાધનો સપ્લાય કરતી કંપનીઓમાં કામ કરે છે. આ તમામની સીબીઆઈ દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અને ગુનાહિત ષડયંત્ર ૧૨૦બી હેઠળ ધરપકડ કરવામાં આવી છે.સૂત્રો પાસેથી મળેલા ઈનપુટના આધારે કાર્યવાહી કરતા સીબીઆઈએ લાંચમાં સંડોવાયેલા ૯ લોકોની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ આરોપીઓ પાંચ મોડ્યુલ દ્વારા ભ્રષ્ટાચાર આચરતા હતા અને સારવારના નામે દદીઓ પાસેથી મોટી રકમ વસુલતા હતા. સ્ટેન્ટ અને અન્ય તબીબી જરૂરિયાતો, ખાસ બ્રાન્ડના સ્ટેન્ટનો સપ્લાય, લેબમાં તબીબી સાધનોનો સપ્લાય, લાંચના બદલામાં દદીઓને હોસ્પિટલમાં દાખલ કરાવવા અને નકલી મેડિકલ સર્ટિફિકેટ આપવાના નામે દદીઓ પાસેથી છેડતી કરવામાં આવતી હતી.

સીબીઆઈને માહિતી મળી હતી કે રામ મનોહર લોહિયા હોસ્પિટલના ઘણા ડૉક્ટરો અને કર્મચારીઓ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા છે અને તેઓ અલગ-અલગ મોડ્યુલ દ્વારા ભ્રષ્ટાચાર કરે છે. જેમ કે તબીબી સાધનો સપ્લાય કરવા અથવા તેમને પ્રમોટ કરવા માટે ડોકટરો મેળવવા અને તેના બદલામાં ખાનગી કંપનીઓ પાસેથી મોટી રકમ લેવી, ગરીબ લોકો પાસેથી તેમના દદીઓની સારવાર કરાવવાના નામે ક્લાર્ક દ્વારા પૈસા વસૂલવા વગેરે. સીબીઆઈ એફઆઈઆર મુજબ, ડો. પર્વતગૌડા અને ડો. અજય રાજની સાથે મેડિકલ કંપનીઓના પ્રતિનિધિઓ નરેશ નાગપાલ, અબરાર અહેમદ, અકર્ષ ગુલાટી, મોનિકા સિન્હા, ભરત સિંહ દલાલનો ઉલ્લેખ છે. ડોકટરો તેમના સાધનોના પ્રમોશન અને સપ્લાયના નામે લાંચ લેતા હતા. જ્યારે આરએમએલ ક્લાર્ક ભુવલ જયસ્વાલ અને નર્સ શાલુ શર્મા સારવારના નામે દદીઓના સંબંધીઓ પાસેથી પૈસા પડાવતા હતા.

### વિદેશથી ઓર્ડર મળ્યા બાદ

# તિલક નગરમાં બે શૂટરોએ ૧૫થી વધુ ગોળીઓ ચલાવી

### આરોપી કેતને પોલીસ પૂછપરછ દરમિયાન ખુલાસો કર્યો છે કે ફાયરિંગનો હેતુ ડરાવવાનો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

એક મોટા ઘટસ્ફોટમાં, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે સોમવારે પશ્ચિમ દિલ્હીમાં કારના શોરૂમમાં થયેલી ફાયરિંગની ઘટનામાં એક આરોપીની ધરપકડ કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે વિદેશથી ઓર્ડર મળ્યા બાદ દિલ્હીના તિલક નગરમાં બે શૂટરોએ ૧૫થી વધુ ગોળીઓ ચલાવી હતી. હરિયાણાના એક શૂટરની ઓળખ સની ગુર્જર તરીકે થઈ છે, જે વિદેશમાં બેઠેલા કુખ્યાત ગેંગસ્ટરના સીધા સંપર્કમાં હતો. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે જણાવ્યું કે ૩ શૂટર્સ બાઈક પર આવ્યા હતા. જેમાં એક આરોપી કેતનની ધરપકડ કરવામાં આવી છે. તે બે શૂટરોને બાઈક પર લાવ્યો હતો. ઘટના દરમિયાન કેતન બાઈક પર બેઠો હતો, જ્યારે બંને શૂટરોએ ૧૫થી વધુ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ઘટના સમયે બીજેપી નેતા વિકાસ ત્યાગી તેના પુત્રને તેના જન્મદિવસ પર ગિફ્ટ કરવા માટે કાર ખરીદવા આવ્યા હતા. ઘટનાની જાણકારી મળતા જ દિલ્હી પોલીસ ભારે ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.સ્પેશિયલ સેલે જણાવ્યું કે હરિયાણાના હિસારના રહેવાસી સની ગુર્જરે તિલક નગરમાં ગોળીબાર કર્યો હતો. તેની સામે હિસારમાં ડબલ મર્ડરનો કેસ નોંધાયેલો છે. સ્પેશિયલ સેલની ઘણી ટીમો સની ગુર્જરની શોધમાં હરિયાણામાં દરોડા પાડી રહી છે. દરમિયાન, બીજા શૂટરની શોધ ચાલુ છે. તે જ સમયે, ધરપકડ કરાયેલા આરોપી કેતને પૂછપરછ દરમિયાન ખુલાસો કર્યો છે કે ફાયરિંગનો હેતુ ડરાવવાનો હતો. કેતને પોલીસને જણાવ્યું હતું કે આ ઘટનામાં અમારા ત્રણ જણ સામેલ હતા અને અમે આતંક ફેલાવવાના ઈરાદે અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. પોલીસે કેતનને કોર્ટમાં રજૂ કર્યો હતો, જ્યાંથી તેને ૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો.તમને જણાવી દઈએ કે સોમવારે સાંજે અચાનક ત્રણ શૂટરોએ કારના શોરૂમ પર ગોળીબાર કર્યો હતો. જો કે, આ સમયગાળા દરમિયાન કોઈનું મૃત્યુ થયું નથી. પરંતુ, આ દરમિયાન શોરૂમના કાચ તૂટવાથી ચાર લોકો ઘાયલ થયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર પૂછપરછ દરમિયાન ગેંગસ્ટર હિમાંશુ ભાઉનું નામ સામે આવ્યું છે.

## વરસાદ અમુક જગ્યાએ રાહત અને બીજી જગ્યાએ આફત બન્યો!

। (એજન્સી) ઉત્તરાખંડ તા.૯ ।

ઉત્તરાખંડના અલ્મોડામાં સવારથી વરસાદ પડી રહ્યો છે. સવારથી જ ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. આ પહેલા હવામાન કેન્દ્રના નિર્દેશક બિક્રમ સિંહે કહ્યું હતું કે રાજ્યમાં ૭-૮ મે સુધી વરસાદની સંભાવના છે, જે ૧૧ મેથી વધશે. આ વરસાદથી ઉત્તરાખંડના જંગલોમાં લાગેલી આગથી થોડી રાહત મળવાની આશા છે.અલ્મોડામાં બુધવારે સવારથી જ વરસાદ ચાલુ છે. સોમેશ્વરમાં પણ વાદળ ફાટ્યાની માહિતી છે. જો કે હાલમાં કોઈ જાનહાનિ અંગે કોઈ માહિતી નથી. વાદળ ફાટવાથી આવેલા પાણીથી કેટલીક દુકાનો અને વાહનોને નુકસાન થયું છે. તસ્વીરોમાં કાટમાળમાં ફસાયેલા વાહનો જોઈ શકાય છે.એક તરફ અલમોડા જિલ્લાના સોમેશ્વરમાં વાદળ ફાટ્યું છે, તો બીજી તરફ લાંબા સમયથી જંગલમાં લાગેલી આગથી પરેશાન લોકોને પણ આ વરસાદે રાહત આપી છે. વાસ્તવમાં, બાગેશ્વરના જંગલો ઘણા દિવસોથી ભીષણ આગની લપેટમાં હતા. બધા વરસાદની રાહ જોઈ રહ્યા હતા. સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને જોરદાર વરસાદ શરૂ થયો.બીજી તરફ કપકોટ અને ગરુડમાં વરસાદે વિનાશ વેર્યો છે. સતત પડી રહેલા ભારે વરસાદને કારણે નદી-નાળાઓ છલકાઈ ગયા છે. કપકોટમાં વરસાદની સાથે ભારે કરા પડવાને કારણે પાક પણ નાશ પામ્યો છે.

# આઈઈવીપીના ભાગરૂપે ૬ રાજ્યોમાં ૨૩ દેશોના ૭૫ પ્રતિનિધિઓ મતદાનની પ્રક્રિયાના પ્રત્યક્ષ સાક્ષી બન્યા

### આઇઇવીપી સામાન્ય ચૂંટણીઓ દરમિયાન પારદર્શકતા, વિશ્વસનિયતા અને સર્વસમાવેશકતા જાળવવા ઇસીઆઇના પ્રયાસનો ભાગ છે

આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં મતદાન પ્રક્રિયાની પ્રત્યક્ષ સાક્ષી બનવા બદલ ખુશી વ્યક્ત કરી છે. જ્યારે કેટલાક પ્રતિનિધિઓએ પારદર્શિતાની પ્રશંસા કરી હતી, જ્યારે અન્ય લોકોએ ઈસીઆઈની ગ્રીન પોલિંગ સ્ટેશનો જેવી પહેલને પ્રેરણાદાયી ગણાવી હતી. પ્રતિનિધિઓએ ઈવીએમ-વીવીપેટના રેન્ડમાઈઝેશન દરમિયાન સહિત ચૂંટણીમાં મોટા પાયે ટેકનોલોજીના ઉપયોગની પણ પ્રશંસા કરી હતી. કેટલાક પ્રતિનિધિઓએ એમ પણ કહ્યું હતું કે તેઓ ખાસ કરીને લોકશાહી આદર્શોને મજબૂત બનાવવા માટે ભારતીય મતદારોની અતૂટ શ્રદ્ધા અને પ્રતિબદ્ધતાથી આશ્ચર્યચકિત થયા છે. એકંદરે, આ દેશોની ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓના મુલાકાતી સભ્યોમાં સર્વસંમતિ હતી કે ભારતમાં ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ, સર્વસમાવેશક અને સુલભ છે અને ઉત્સવના મૂડમાં થાય છે. આંતરરાષ્ટ્રીય ચૂંટણી મુલાકાતીઓના કાર્યક્રમ (આઈઈવીપી)ના ભાગરૂપે તાજેતરમાં સંપન્ન થયેલી ચૂંટણીના ત્રીજા તબક્કામાં આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓની અત્યાર સુધીની સૌથી મોટી ટુકડીએ ભારતની સામાન્ય ચૂંટણીઓનો પ્રત્યક્ષ અનુભવ કર્યા બાદ આ પ્રત્યાઘાતો આવ્યા હતા. ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર મતદાન યોજાયું હતું અને પ્રતિનિધિઓએ ૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન નિહાળ્યું હતું, જેમાં પ્રારંભિક કામગીરીનો પણ સમાવેશ થાય છે, જે વિશ્વમાં પુરુષો અને મશીનરીની અવરજવર સાથે સંકળાયેલી સૌથી મોટી લોજિસ્ટિક કવાયત છે.

કમ્બોડિયા, ટ્યુનિશિયા, મોલ્ડોવા, સેશેલ્સ અને નેપાળના પ્રતિનિધિઓએ કર્ણાટકના બેલગામ સંસદીય મતવિસ્તારની મુલાકાત લીધી હતી અને મતદાન મથકની અંદર મતદાન અધિકારીઓ અને પ્રિસાઈડિંગ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી, મોક પોલ નિહાળ્યું હતું, કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર, મીડિયા મોનિટરિંગ સુવિધાઓની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિઓએ મોક પોલ, હાજરી અને મતદાન મથકની અંદર ઉમેદવારોના પ્રતિનિધિની સમાવિષ્ટતા દ્વારા રેખાંકિત પારદર્શિતાની પ્રશંસા કરી હતી. ભૂટાન, મોંગોલિયાથી આવેલા પ્રતિનિધિઓ અને ઈઝરાયેલની એક મીડિયા ટીમે ગોવાના બંને મતવિસ્તારોમાં મતદાન અને સંબંધિત વ્યવસ્થા નિહાળી હતી. તેમને મોક પોલ, કમાન્ડ કંટ્રોલ સેન્ટર, મીડિયા મોનિટરિંગ સુવિધાઓ અને ડિસ્પેચ સેન્ટર્સના પણ સંપર્કમાં લાવવામાં આવ્યા હતા. સીઈસી ભૂતાન અને ભૂતાન અને મોંગોલિયાના ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી યોજવામાં મતદાન મથકની અંદર રાજકીય પક્ષો, મીડિયા, ઉમેદવારોના પ્રતિનિધિને સામેલ કરવામાં પારદર્શિતાની પ્રશંસા કરી હતી. પીડબલ્યુડી મેનેજ્ડ પોલિંગ સ્ટેશનો અને મુલાકાતી પ્રતિનિધિઓ દ્વારા પિંક પોલિંગ સ્ટેશનોને જોઈને પ્રશંસા અને આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું હતું. પ્રતિનિધિઓએ ઈવીએમ-વીવીપીએટીનાં રેન્ડમાઈઝેશન માટે સોફ્ટવેરનાં ઉપયોગની પ્રશંસા કરી હતી.






**ન્યૂઝ બ્રિફ**

## ભરૂચમાં સીઆઈડીએ કરી પાકિસ્તાની જાસૂસની ધરપકડ

। (એજન્સી) ભરૂચ, તા.૯ ।

ભરૂચમાં CIDને મોટી સફળતા મળી છે. પાકિસ્તાની જાસૂસ પ્રવીણકુમાર મિશ્રાને સીઆઈડીએ ધરપકડ કરી છે. અત્રે જણાવીએ કે, આ આરોપી પ્રવીણ ભારતની ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલતો હતો. આરોપી પાકિસ્તાની એજન્ટના હનીટ્રેપનો શિકાર થયો હોવાનો ખુલાસો થયો છે. અત્યારે CIDએ આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. CID ક્રાઈમના ADGP રાજ કુમાર પાંડિયએ જણાવ્યું કે, આર્મી ઈન્ટેલિજન્ટના માહિતીના આધારે સર્વલેન્સ કરવામાં આવ્યું હતું. આરોપીનો મોબાઈલ ચેક કરતા પાકિસ્તાન ISI હેન્ડલર સાથે સંપર્ક હતો. સોનલ ગર્લ નામથી હેન્ડલરનું નામ ખુલ્યું છે. આ મહિલાએ પ્રવિણને હનીટ્રેમા ફસાવ્યો હતો. ફેસબુક મારફતે મિત્રતા કરી હતી.

## વિદ્યાર્થિનીએ ડિપ્રેશનમાં આવી પોતાના ઘરે ગળાફાંસો ખાધો

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

CAનો અભ્યાસ કરી રહેલી ૨૧ વર્ષીય માનસી ગઢીયા નામની વિદ્યાર્થિનીએ ડિપ્રેશનમાં આવી પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધાનો બનાવ સામે આવ્યો છે. સમગ્ર મામલાની જાણ ભક્તિનગર પોલીસને થતા પોલીસ દ્વારા સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોત રજીસ્ટર્ડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં મૃતક વિદ્યાર્થિનીએ સ્યુસાઈડ નોટ લખી હોવાનું પણ સામે આવ્યું છે. માનસી ગઢીયા બે ભાઈઓની એકની એક બહેન હોવાનું સામે આવ્યું છે. તો સાથે જ તેના પિતા રાજેશ ગઢિયા પાનની દુકાન ચલાવતા હોવાનું સામે આવ્યું છે. ગઢીયા પરિવાર રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલી તિરૂપતિ સોસાયટીમાં રહેતો હોવાનું સામે આવ્યું છે.

## શેડમાલિકનો ભાડૂઆત દંપતી પર તલવારથી હુમલો

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ ના વટવા વિસ્તારમાં બની હત્યાની ઘટના. વટવામાં દંપતીએ ધંધો કરવા શેડ ભાડે રાખ્યો હતો. તે સમયે ડિપોઝિટ પેટે રૂ. ૩૦ હજાર રોકડા આપ્યા હતા, પરંતુ ધંધો બરાબર ન ચાલતા શેડ ખાલી કર્યો ત્યારબાદ ડિપોઝિટ શેડમાલિક પાસે પરત માગતા માલિકે તેની પત્ની સાથે મળીને ભાડૂઆત દંપતી પર તલવારથી હુમલો કરીને મહિલાની હત્યા કરવાની ધમકી આપી હતી. આ અંગે ભાડૂઆતે વટવા પોલીસ સ્ટેશનમાં શેડમાલિક દંપતી સામે હત્યાનો ગુનો નોંધાવતા પોલીસે બંનેની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે. ઘોડાસરમાં રહેતા ૪૪ વર્ષીય નિમેષભાઈ રાઠોડ વટવામાં મારૂતિ એસ્ટેટમાં નિર્ભયસિંહનો શેડ ભાડે રાખીને પાઈપનો ધંધો કરે છે. જેમાં તેમને સપ્ટેમ્બર ૨૦૨૩થી ભાડે રાખ્યો હતો અને મહિને રૂ. ૮ હજાર ભાડું નક્કી થયું હતું. તે સમયે ડિપોઝિટ પેટે રૂ. ૩૦ હજાર રોકડા આપ્યા હતા, પરંતુ ધંધો બરાબર ન ચાલતા ૩૧ માર્ચે શેડ ખાલી કર્યો ત્યારે ડિપોઝિટ પેટે આપેલા રૂપિયા પરત માગતા નિર્ભયસિંહ વાયદા કરતો હતો.

### પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેન્ડેન્ટ ગાડીમાંથી ૭ લાખ રોકડા મળ્યા

# ગોધરામાં NEETની પરીક્ષામાં મોટા કૌભાંડનો ખુલાસો થયો

### એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખ રૂપિયા લેવામાં આવવાના હતા અને તેના બદલામાં પરીક્ષામાં ચોરી કરાવવાની અને પાસ કરાવવાની ડીલ થઈ હતી

। (એજન્સી) ગોધરા, તા.૯ ।

કલેક્ટરને મળેલી બાતમીના આધારે નીટની પરીક્ષા કેન્દ્ર ઉપર જિલ્લા અધિક કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીની તપાસ ટીમો દ્વારા તપાસ કરાતા પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેન્ડેન્ટની ગાડીમાંથી રૂ. ૭ લાખ રોકડા મળી આવ્યા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપરિન્ટેન્ડન્ટના મોબાઈલમાંથી વ્હોટ્સએપ ચેટમાં કુલ છ વિદ્યાર્થીઓને ચોરી કરાવી. એક વિદ્યાર્થી દીઠ દસ લાખ રૂપિયા લેવાનું નક્કી થયા હોવાનું પણ સામે આવ્યું હતું. ગોધરા તાલુકા પોલીસમથકે ફરિયાદ નોંધાયા બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા કિરીટ મણીલાલ પટેલે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત ૫ મેના રોજ તેઓને સૂચના મળી હતી કે, ગોધરાના પરવડી ચોકડી પાસે આવેલી જય જલારામ સ્કૂલમાં NEETની પરીક્ષા લેવાની છે, આ પરીક્ષામાં તુષાર ભટ્ટ નામનો ઈસમ ગેરરીતિ આચરનાર છે, જેના આધારે જિલ્લા શિક્ષણાધિકારી તેઓની ટીમ સાથે સવારે ૧૦ કલાકે પરવડી ખાતે આવેલી જય જલારામ સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં પ્રિન્સિપાલ ચેમ્બરમાં શાળાનો સ્ટાફ હાજર હતો. જ્યાં તમામ વ્યક્તિઓની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં તુષાર ભટ્ટ નામનો વ્યક્તિ પણ હાજર હતો.

તુષાર ભટ્ટે પોતે પરીક્ષા સેન્ટરના સેન્ટર ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ હોવાનું જણાવ્યું હતું. જે બાદ તેઓ પાસે રહેલા બે ફોનની તપાસ કરવામાં આવી હતી. જેમાં બે પૈકીના એક મોબાઈલ ફોનમાંથી તપાસ દરમિયાન વ્હોટ્સએપમાં પરશુરામ રોય નામની ચેટમાં કોમ્પ્યુટર સ્ક્રીનમાંથી મોકલેલા ત્રણ ફોટા મળી આવ્યા હતા. જેમાં ૧૧ પરીક્ષાર્થીઓના નામો તથા તેની સામે રોલ નંબર અને પરિક્ષા કેન્દ્રનું સરનામું લખેલું મળી આવ્યું હતું. ત્યાર બાદ અન્ય મેસેજમા પરીક્ષાર્થીની વિગતો મળી આવી હતી. જે બાબતે શિક્ષણ વિભાગની ટીમે પુછતા તમામ વિગતો વડોદરાની રોય ઓવરસીસના માલીક પરશુરામ રોય નામના ઈસમે મોકલ્યો હોવાનું જણાવ્યું હતું.

મેસેજમાં જણાવ્યા મુજબના નામવાળા પરીક્ષાર્થીઓ અમારી સ્કૂલમાં NEETની પરીક્ષા આપવા આવનાર છે. તેઓને પેપર સોલ્વ કરી આપવા માટે એક પરિક્ષાર્થી દીઠ રૂ. ૧૦ લાખ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે, તેવી હકીકત તુષાર ભટ્ટ નામના ઈસમે જિલ્લા શિક્ષણ વિભાગની ટીમને જણાવ્યું હતું. જે બાદ શિક્ષણ વિભાગની ટીમે તુષાર ભટ્ટ નામના ઈસમને અન્ય પરીક્ષાર્થીઓનું પુછતા યોગ્ય પ્રત્યુત્તર ન આપ્યો હતો. જેથી તેઓના મોબાઈલ ફોનમાં તપાસ કરતા મોબાઈલ ફોનની ગેલેરીમાંથી બોલપેનથી લખેલા નામ, રોલ નંબર તથા થર્મલ લખેલો ફોટો મળી આવ્યો હતો. જે બાબતે પુછતા જલારામ ગ્રુપ ની થર્મલ તથા ગોધરા ખાતે આવેલા સ્કુલમાં NEETની પરિક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓના નામ અને રોલ નંબરનું લીસ્ટ છે અને તેઓને પેપર સોલ્વ કરી આપવાનું છે, તેવી હકીકત જણાવી હતી.જે બાદ તુષાર ભટ્ટ નામના ઈસમે પોતાના હાથમાં પકડી રાખેલા બે લીસ્ટ માંગતા તેઓએ રજૂ કર્યું હતું. જેમાં થર્મલ ખાતે આવેલી જય જલારામ સ્કૂલ અને પરવડી ખાતે આવેલી જય જલારામ સ્કૂલના સેન્ટર નંબર લખ્યા હતા. બે લીસ્ટ પૈકી થર્મલ સેન્ટરના લિસ્ટમાં ૨૦ પરીક્ષાર્થીઓના નામો વાદળી તથા લાલ કલરની પેનથી લીટી દોરી માર્કિંગ કરેલા હતા, જ્યારે પરવડી જય જલારામ સ્કૂલના લિસ્ટમાં ૬ પરીક્ષાર્થીઓના નામ નીચે લાલ બોલ પેનથી લીટી દોરી માર્કીંગ કરેલું મળી આવ્યું હતું. જે બંને લીસ્ટ તથા મોબાઈલ ફોનમાં વ્હોટ્સએપ તેમજ ગેલેરી એપ્લીકેશનમાંથી મળી આવેલા નામ રોલ નંબર તથા કેન્દ્રના નામ બાબતે પુછતા તેઓએ જણાવ્યું હતું કે, આ પરીક્ષાર્થીઓને NEET પરિક્ષા આપવા બેસનાર છે પરિક્ષામાં વિદ્યાર્થીઓને આવડતા પ્રશ્નોના જવાબ લખવાના હતા અને બાકીના જવાબ ઉત્તરવહીમાં જે તે સ્થિતિમાં કોરા મુકી દેવાના હતા. જે પરિક્ષા પુર્ણ થાય અને સુપરવાઈઝર પરિક્ષાખંડમાંથી લેબમાં આવે અને ઓએમઆર શીટ જમા કર્યા બાદ નક્કી કરેલા રોલ નંબરવાળા પરીક્ષાર્થીઓના જવાબવહીમાં જવાબ લખી આપવાના હોવાનું જણાવ્યું હતું. વધુ પુછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, ૬ પરીક્ષાર્થીઓના નામનું લીસ્ટ ગોધરાની હિલપાર્ક સોસાયટીમાં રહેતા આરીફ વોરા નામના ઈસમે આપ્યું હતું. તેઓએ પણ એક પરિક્ષાર્થી દીઠ રૂ. ૧૦ લાખ પાસ કરવા તેમજ મેરીટમાં આવે તે માટે નક્કી કર્યા હતા અને આ આરીફ વોરાએ તેઓને રૂ. ૭ લાખ સવારના સમયે તેના ઘરે બોલાવીને આપ્યા હતાં. તુષાર ભટ્ટની કારની તપાસ કરતા ૭ લાખ રોકડ મળી આવ્યા હતા. આરીફ વોરા નામના ઈસમે પરિક્ષાર્થીઓને પેપર સોલ્વ કરીને મેરીટમાં આવે તે હેતુસર એડવાન્સ આપ્યા હોવાનું તુષાર ભટ્ટ નામના ઈસમે જણાવ્યું હતું. આમ તુષાર રજનીકાંત ભટ્ટે પોતે રાજ્યસેવક તરીકે ગોધરાની જય જલારામ સ્કૂલ ખાતે ભૌતિક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવતા તેઓને NEETની પરિક્ષામાં ડેપ્યુટી સેન્ટર સુપરિન્ટેન્ડન્ટ તરીકેની નિમણૂંક આપવમાં આવી હતી. તેઓએ કેટલાક પરીક્ષાર્થીઓને પાસ કરવા માટે ગેરરીતિ આચરવા માટે અને અન્ય પરિક્ષા આપનાર પરિક્ષાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી પોતાના આર્થીક લાભ માટે ગોધરાના આરીફ વોરા પાસેથી રૂ. ૭ લાખ એડવાન્સ તેમજ પરશુરામ રોય નામના ઈસમ પાસેથી પરીક્ષાર્થી દીઠ રૂ. ૧૦ લાખ લેવાનું નક્કી કરીને કૌભાંડ આચર્યું હતું. સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકે ત્રણ ઈસમો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જય જલારામ સ્કૂલ ગોધરાના શિક્ષક તુષાર ભટ્ટ, વડોદરાના રોય ઓવરસીઝ નામની કંપનીના માલિક પરશુરામ રોય અને ગોધરાના આરીફ વોરા નામના ઈસમ સામે વિશ્વાસઘાત, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

# IFFCOની ચૂટણીમાં ભાજપ મેન્ડેટ સામે પડીને રાદડીયાએ શાનદાર જીત હાંસલ કરી

### દિલ્હીમાં ઇફ્કોની યોજાલી ચૂંટણીમાં જયેશ રાદડિયાને બીપીન પટેલની સામે ૧૧૩ મત સાથે વિજય થયા

। અમદાવાદ, તા.૯ ।

ગુજરાતની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકો (IFFCO) ની ચૂંટણીમાં જયેશ રાદડિયાની શાનદાર જીત થઈ છે. જયેશ રાદડીયાને પક્ષના મેન્ડેટ સામે પડીને ચૂંટણી લડવી ફળી છે. જયેશ રાદડીયાનો ૧૧૫ મત મેળવતા વિજય થયો છે. IFFCOની ચૂંટણીમાં બિપિન પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે જંગ હતો. દિલ્હીમાં ઈફકોની ચૂંટણી માટે મતદાન યોજાયો હતો. સહકારી આગેવાન સાથે જયેશ રાદડિયા ૧૦૦ થી વધુ સૌરાષ્ટ્રના મતદારોને લઈને દિલ્હીમાં પહોંચ્યા હતા. પરંતુ જયેશ રાદડિયાને ૧૧૫ જેટલા મત મળ્યા છે.



જયેશ રાદડિયા રાજકોટની જેતપુર બેઠક પરથી ભાજપના ધારાસભ્ય છે. આ ઉપરાંત રાદડિયા રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન છે જ્યારે બિપીન પટેલ સહકારી ક્ષેત્રના પ્રમુખ છે. કોંગ્રેસ સમર્થિત વિજય ઝટકિયાએ ઈફકો ડિરેક્ટરની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ તેમનું નામાંકન રદ કરવામાં આવ્યું હતું. ઈફકો ડિરેક્ટરની ચૂંટણી માટે ૯મી મેના રોજ મતદાન થયુ હતું જેનું પરિણામ આવી ગયુ છે.

IFFCOની ચૂંટણીમાં કુલ ૧૮૨ મતદારો છે. જેમાં સૌરાષ્ટ્રનું વર્ચસ્વ ધરાવતું રાજકોટમાં ૬૮ મત છે. ભાજપના સમર્થનથી લડી રહેલા બિપિન પટેલ ઉર્ફે બિપિન ગોતા સામે રાદડીયાએ ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ જઈને ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી. મતદાન બાદ આજે સાંજે ૪ વાગ્યે પરિણામ જાહેર થયું હતું. મતદાન દરમિયાન ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી સાથે જયેશ રાદડિયા, મોહન કુંડારિયા સહિતના જોવા મળ્યા હતા. રાદડિયાએ ભાજપ ના સત્તાવાર ઉમેદવારને પછાડી શાનદાર જીત મેળવી છે. જયેશ રાદડિયાએ ૧૧૪ મત મળ્યા છે. કુલ ૧૮૦ લોકોએ મતદાન કર્યું હતું. જ્યારે તેના નજીકના હરિફ બિપિન ગોતાને ૬૬ મત જ મળ્યા હતા. તેમજ હવે આવતીકાલે દિલીપ સંઘાણી ઈફફકોના ચેરમન તરીકે બિનહરિફ થશે.

# ધોરણ-૧૦ (એસ.એસ.સી) અને સંસ્કૃત પ્રથમા પરીક્ષાનું પરિણામ ૧૧મી મે ના રોજ જાહેર થશે

। (પ્રતિનિધી) થરા, તા.૯ ।



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર ના નાયબ અધિક્ષક ડી.એસ.પટેલ એક અખબારી યાદી જણાવે છે કે માર્ચ-૨૦૨૪માં યોજાયેલ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૦ (એસ.એસ. સી) અને સંસ્કૃત પ્રથમા પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની વેબસાઈટ www.gseb.org પર તાઃ ૧૧/૦૫/૨૦૨૪ના રોજ સવારના ૦૮:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક(Seat Number) ભરીને મેળવી શકશે.

વિદ્યાર્થીઓ WhatsApp Number ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો બેઠક કમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને જી.ઇ નકલ શાળાવાર મોકલવા અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણચકાસણી અને દફતર ચકાસણીની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. ગુણચકાસણીની અરજી ઓનલાઈન કરવાની રહેશે. પરિણામ બાદ નામ સુધારાની દરખાસ્ત નિયત નમૂનામાં કરવાની રહેશે. પૂરક પરીક્ષા-૨૦૨૪ ની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી શાળાઓને પરિણામ સાથે મોકલી આપવામાં આવશે તથા પૂરક પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવાની સૂચના હવે પછીથી આપવામાં આવશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

# દાહોદ પરથમપુર બુથ ઉપર ૧૧મીએ પુનઃ મતદાન યોજાશે : ચૂંટણી પંચ

### કોંગ્રેસ ઉમેદવારે કરી કલેક્ટરને ફરિયાદ બાદ ફરી મતદાન કરવાનો ચૂટણી પંચે કર્યો નિર્ણય

। અમદાવાદ, તા.૯ ।

૭ મેના રોજ ગુજરાત લોકસભાની ૨૫ બેઠકો સાથે પાંચ વિધાનસભા બેઠક પર મતદાન યોજાયો હતો. દાહોદમાં મતદાન દરમિયાન સંતરામપુર તાલુકાના પરથમપુર વિસ્તારમાં બૂથ કેપ્ચરિંગ ઘટના ઘટી હતી. આ ઘટના ઈન્સ્ટાગ્રામ ઉપર બૂથ કેપ્ચરીંગ લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવ્યું હતો. જે બાદ કેન્દ્રિય ઈલેક્શન કમિશને નોટિસ જાહેર કરીને પરથમપુર બૂથના તમામ ચાર અધિકારીઓને જવાબદાર ઠારવ્યા હતાં અને કહ્યું કે, બોગસ વોટિંગ દરમિયાન તમે કોઈ કર્યાવાહી કેમ ન કરી તે દિન એકમાં જવાબ આપે, જેમાં પ્રિસાઈડિંગ સહિત ત્રણ લોકોને મહીસાગર ચૂંટણી અધિકારીનું ગુરુવારે સવાર સવારમાં તેડું આવ્યું હતું. આજે ચૂંટણી અધિકારી સમક્ષ હાજર થયા હતા.

વિજય ભાભોર જે ભાજપ નેતાનો પુત્રએ બુથ કેપ્ચરીંગ કર્યાની ઘટનાએ ચૂંટણીં પંચને દોડતું કર્યુ હતું. હવે દાહોદ લોકસભામાં બુથ કેપ્ચરિંગ અંગે ચૂંટણી પંચે ફરીથી મતદાન કરાવાનો નિર્ણય લીધો છે. મહીસાગરના પરથમપુરા બુથ પર પુનઃ મતદાન યોજાશે.

૧૧ મેના રોજ સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી પુનઃ મતદાન કરાવામાં આવશે. બુથ કેપ્ચરિંગની ઘટના સંદર્ભે ચૂંટણી પંચે આ નિર્ણય કર્યો છે. ચૂંટણી પંચે દિલ્હી મુખ્ય ચૂંટણી કમિશનરને રિપોર્ટ મોકલી માર્ગદર્શન માંગવામાં આવ્યુ હતું. મતદાન મથકનું ફરી રી-પોલ કરવું કે નહીં એ અંગે પણ દિલ્હી ચૂંટણી કમિશનરના માર્ગદર્શન બાદ નિર્ણય લેવાયો હતો.

ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસીને બોગસ વોટિંગ કરીને વીડિયો વાઈરલ કર્યો હતો. ત્યારબાદ કોંગ્રેસ ઉમેદવારે કલેક્ટરને આંગે ફરિયાદ કરી હતી. ચૂંટણી પંચે જિલ્લા કલેક્ટર પાસેથી રીપોર્ટ મંગાવ્યો હતો. એટલું જ નહીં વિજય ભાભોરે મતદાન મથક પરથી જ તેમના સોશિયલ મીડિયામાં પ્લેટફોર્મ પર આખી ઘટનાનો વીડિયો લાઈવ કર્યો હતો. આ વીડિયોમાં વિજય ભાભોર કહી રહ્યો છે કે ‘૫-૧૦ મિનિટ ચાલે તે ચાલવા દો આપણે બેઠા છીએ. વિજય ભાભોર એટલે વાત ખલાસ, મશીન-બશીન આપણા બાપનું જ છે. ચૂટણી પંચના આદેશ બાદ કોંગ્રેસની પ્રતિક્રિયા આપતા મનીષ દોશીએ કહ્યું કે, ચૂંટણી પંચના આદેશને આવકાર્યો છે. પણ આવું આ એકજ જગ્યાએ નહતું થયું, રાજ્યના અન્ય કેટલાય સ્થળે ગેરરીતિ થઇ હતી. અમે તમામ મામલે ફરિયાદ આપી હોવા છતાં કોઈ કાર્યવાહી થઇ નથી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨